

સળંગ અંક ૪૫ જાન્યુ. - ૨૦૧૧ કિંમત રૂ. ૫-૦૦
શ્રી સ્વામિનારાયણ
માસિક
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે
શ્રી સ્વામિનારાયણ મંદિર
મુબારકપુરા
મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ



શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) - મોરબી રજત જયંતી પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતાં
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને આરતી ઉતારતાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા કથા પારાયણ, યજ્ઞ અને વિવિધ



૧. ધર્નુમાસમાં રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજના ધર્મવંશી આચાર્યશ્રીના પોશાકમાં દર્શન. ૨. કાલુપુર મંદિરમાં પારાયણ પ્રસ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતાં યજમાનશ્રીઓ અને કથાના વક્તાશ્રી પૂ. શા.રામસ્વામી અને પૂ.
ચૈતન્યસ્વામી. ૩. સલાલ ગામે પારાયણ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી યજમાન પ.ભ.શ્રી ભગુભાઈ પટેલને આશી
આપતાં. ૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણામાં શાકોત્સવ કરતાં અને આશીર્વાદ આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે સં
૫. ટર્ફ સ્કૂલ નારણપુરા યુવા સ્નેહ સંમેલન પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા આશીર્વાદ આપતાં પ.પૂ.મોટા મહારાજશ્રી.
કાંકરીયા મંદિરમાં પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં કથા પારાયણ અને પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારતાં યજમાનશ્રી
... મંદિરમાં શાકોત્સવ પ્રસંગે લાભ લેતા હજારો હરિભક્તો




૧. મોટેરા મંદિરમાં પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં કથા પારાયણ કરતાં પૂ. શા. રામસ્વામી અને શાકોત્સવ કરતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી અને સાથે નાના પી.પી. સ્વામી તથા સંત મંડળ. ૨. શિકાગો મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતાં પૂજારી સ્વામી અને તુલસી વિવાહ પ્રસંગ. ૩. લેકલેન્ડ મંદિરમાં ઠાકોરજી ની સમૂહ આરતી ઉતારતાં હરિભક્તો. ૪. સીડની મંદિરમાં ઠાકોરજીના અન્નકૂટ દર્શનનો લાભ લેતા હરિભક્તો. ૫. કાલુપુર મંદિરમાં ધનુર્માસમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધૂન કરતાં સંત હરિભક્તો.




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**
**www.swaminarayan.info**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**


**વર્ષ - ૪ અંક : ૪૫ જાન્યુઆરી-૨૦૧૧**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૩ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૪ |
| ૦૩. | "મૂર્તિ" | ૦૬ |
| ૦૪. | કલંક ન કોઈ કું લગાત | ૦૯ |
| ૦૫. | ધનુર્માસ | ૧૧ |
| ૦૬. | પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વચનમાંથી અવિસ્મરણીય વાત | ૧૨ |
| ૦૭. | ગુરૂમંત્ર-દીક્ષા મહોત્સવ | ૧૪ |
| ૦૮. | ભક્ત કવિ રૂપજીભાઈ | ૧૬ |
| ૦૯. | આનંદની હેલી | ૧૭ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૧. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૨. | પ્રશ્ન પેટી | ૨૩ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૨૪ |

# અસ્મદીયમ

પવિત્ર ધનુર્માસમાં આપણે ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્ર નામસ્મરણનો વિશેષ લાભ લીધો. જગતના જીવો જ્યારે પથારીમાં પડ્યા પડ્યા નસકોરા બોલાવતા હોય ત્યારે ભગવાન સ્વામિનારાયણના તમામ આશ્રિતજનો મંદિરમાં મંગળાથી લઈ, ધૂન, કીર્તન, કથા અને શણગાર આરતીના દર્શન સપરિવાર કરી ને જ ઘર તરફ પ્રયાણ કરવાનું. આવું સુખ મળવું એ બહુ મોટા ભાગ્યવાળા ને જ મળે છે. આપણા સુખની વ્યાખ્યા સત્સંગી હોય તેજ સમજી શકે. બાકી તો ભૌતિક સુખને માનનારાનો જોટો નથી. બસ આમ જ આપણે આવું અવિરત સુખ લેતા રહીએ અને તોજ ભગવાન શ્રીહરિ આપણા પર રાજી થાય.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ઉદ્‌ઘાટન મંગલ મહામહોત્સવ આપણી સમક્ષ આવી રહ્યો છે. દેશ-વિદેશના સર્વે હરિભક્તો આ મહોત્સવમાં લાભ લેવા પધારશો. આપણા જીવનમાં આવો ફક્ત ભગવાનના જ સંબંધ સાથેનો ઉત્સવ ફરી ક્યારે આવે તેની શું ખાત્રી ? માટે સત્સંગી માત્રે આ ભવ્ય મહોત્સવ એ આપણો પોતાનો ઉત્સવ છે જેથી ઘરના યજમાન અને ઘરના મહેમાન. માટે નાના મોટા સૌ હરિભક્તોએ તન, મન અને ધનથી સમર્પિત થઈ એવો મહોત્સવ ઉજવીએ કે ''ન ભૂતો ન ભવિષ્યતિ'' ચાલો આપણે સૌ સંતો હરિભક્તો પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે ખભેખભા મિલાવીને આપણું કર્તવ્ય આપણી ફરજ અદા કરીએ એજ અભ્યર્થના.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (ડિસેમ્બર-૨૦૧૦)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ભદ્રેશી (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર તાવી (મૂળીદેશ) પુનઃ પ્રતિષ્ઠા અને કથા પ્રસંગે પધરામણી.

૪. મુબારકપુરા ગામે પ.ભ. કમલેશભાઈ ચિમનભાઈ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે અને ગામમાં અન્ય હરિભક્તોને ત્યાં પધરામણી.

૫. સોજા ગામે પધરામણી.
વિહાર ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.
ટર્ફ સ્કુલ નારણપુરા ખાતે યુવા સ્નેહમિલન પ્રસંગ પોતાની અધ્યક્ષતામાં ઉજવાયો.

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા પધરામણી. સાંજે ભુજ-કચ્છ પધરામણી.

૭. ભુજ-કચ્છથી મોરબી પધાર્યા.

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી (બહેનોનું) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯. બાલવા ગામે પ.ભ. દશરથભાઈ નાથુજી ચૌધરીને ત્યાં પધરામણી.
પ.ભ. ગોવિંદભાઈ બબલદાસ ગજ્જરને ત્યાં પધરામણી, ઘી કાંટા.

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
ઓળા ગામે પ.ભ. ઘનશ્યામભાઈ પ્રવિણભાઈ કોઠારીને ત્યાં પધરામણી.
ગોધાવી ગામે પ.ભ. ભરતસિંહ વાઘેલાને ત્યાં પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
કલોલ ગામે પ.ભ. દિલીપભાઈ કે. બારોટને ત્યાં પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા કથા પ્રસંગે પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭. ડિસેમ્બર થી તા. ૪-૧-૨૦૧૧ સુધી દુબઈ, કેન્યા, નાઈરોબી અને યુ.કે.ના ધર્મપ્રવાસે પધરામણી.





# "મૂર્તિ"

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી વૈદિક પરંપરામાં સાકાર ઉપાસનાની સિધ્ધિ માટે મૂર્તિ પૂજા કરવામાં આવે છે. જેવું સ્વરૂપ ધામમાં દિવ્યરૂપે મુક્તોને દર્શન આપે છે તે જ સ્વરૂપ મૂર્તિમાં રહીને મૃત્યુલોકમાં ભક્તોની સેવા પૂજા અંગીકાર કરે છે. એકાંતિક ધર્મ માર્ગની અંતિમઉચ્ચ પ્રાપ્તિ શિક્ષાપત્રી શ્લોક ૧૨૧ માં तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् બ્રહ્મરૂપે થઈને ભગવાનની સેવા કરવી એ જ મુક્તિ છે. તો સેવવા માટે મૂર્તિની અત્યંત અગત્યની ભૂમિકા છે. મંત્રના માધ્યમથી ધામમાં રહેલ ભગવત્ સ્વરૂપ અહીં મૂર્તિમાં એજ ચૈતન્ય બિરાજમાન થાય છે. તે પ્રાપ્તિ માત્ર મૃત્યુ લોકમાં જ મળે છે. અન્ય બ્રહ્માંડોના લોકમાં તે સ્વરૂપનું આવાહન, સ્થાપન, પૂજન અને સેવા શક્ય નથી. તેથી બીજા લોકના આત્માઓ મૃત્યુ લોકમાં જન્મ લેવાની મહેચ્છાથી સાધના કરતા હોય છે. મંત્ર, યંત્ર અને મૂર્તિ જે તે સ્વરૂપની સાથે એકતા કરાવનાર માધ્યમ છે. ભગવાન રામાનુજાચાર્ય એ આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે મૂર્તિ પૂજાનો વિશેષ પ્રચાર કર્યો.

ભક્તિમાર્ગમાં મૂર્તિની સેવા માટે મૂર્તિ સંબંધી જ્ઞાન હોવું અત્યન્ત આવશ્યક છે. બજારમાં ઉપલબ્ધ મૂર્તિ લાવીને ઘરમાં રાખીએ તે ઉપાય નથી. તે અંગેની સમ્પૂર્ણ જાણકારી આપણા ઈષ્ટદેવ શ્રીહરિએ આપી છે. તેનું અનુસરણ કરવાથી જ મૂર્તિની સેવાને આપણે પાત્ર થઈએ છીએ. શિક્ષાપત્રી શ્લોક ૬૨ માં શ્રીહરિએ બહું જ સ્પષ્ટ લખ્યું કે, જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને જ સેવવું. તે સિવાય બીજુ જે સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે. પણ સેવવા યોગ્ય નથી. પૂજાની મૂર્તિની બાબતમાં મનની કલ્પના, મનસ્વી કે કોઈ અન્ય અર્થ ઘટન સમજાવે તો પણ ૬૨મા શ્લોકથી બહાર વિચાર કરવો નહિ. શ્રીહરિના પ્રાગટ્યનો મુખ્ય ઉદ્દેશ ઉપાસના માટે હતો, તો **મૂર્તિની પૂજા સેવા શ્રીહરિની આજ્ઞા અનુસાર કરવી. દેશકાળાદિની વિષમતા અન્યમાં જરૂર પડે તો લેવી પણ મૂર્તિની પૂજા તો ધર્મવંશી આચાર્યે આપેલ હોય કે પ્રતિષ્ઠા કરી હોય તે જ રાખવી.** જેમ દેશના બંધારણમાં સુપ્રિમકોર્ટ અને રાષ્ટ્રપતિના આદેશ થાય તો નીચેનાં જજમેન્ટ આપોઆપ રદ બાતલ થઈ જાય છે. એમ અન્યના મતોની આગળ સર્વોપરિની શિક્ષાપત્રીની ૬૨ મી કલમ ફાઈનલ જજમેન્ટ છે.

**"વચનામૃત ગઢડા પ્રથમના ૪૮ માં" અમારે અને નરનારાયણને તો સુધો મન મેળાપ છે. તે અમે નરનારાયણને કહીશું જે હે મહારાજ ! જે પંચવર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને જે પૂજે તેમાં તમે અખંડ વાસ કરીને રહેજો. માટે તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે એ મૂર્તિ તે નરનારાયણદેવ પંડે જ છે. એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશોમાં. એ અમારી આજ્ઞા છે તે સર્વે દ્રઢ કરીને માનજો."**

મૂર્તિ પૂજા જેટલી સરળ છે એટલી જ સાવધાની રાખવી પડે છે. તે મૂર્તિયો કેવી અને કેવા પ્રમાણની અને કેટલી સંખ્યામાં રાખવી તે જાણવું બહુ જ જરૂરી છે. તેની જાણકારીના અભાવમાં પ્રસન્નતાના બદલે અપરાધ થવા સંભવ છે. આજે કેટલાક હરિભક્તો નવું કાંઈક જોવા મળે એટલે તરત ઘરમાં લાવીને ગોઠવી દે. કેટલાક મૂર્તિયોની ભેટ આપવાવાળાઓને પણ મૂર્તિયો સંબંધી માહિતી નથી

હોતી તેથી તેના ભોગ હરિભક્તો બને છે. ઘરમાં મૂર્તિયોનો સંગ્રહ ન કરવો. અપૂજ સ્વરૂપ ખંડિત સ્વરૂપ નદી સરોવર સાગરમાં વિસર્જન કરીને પધરાવી દેવું.

સર્વ પ્રથમતો ઘરની દિવાલ કે કબાટની ઉપર મૂર્તિ રાખવી નહિ. ઘરના ઈશાન ભાગમાં ઘરની સ્થિતિ અને આપણી શક્તિ અનુસાર નાનું અથવા મોટું સિંહાસન રાખી ધર્મવંશી આચાર્યે આપેલ મૂર્તિ તેમાં રાખવી. સિંહાસનમાં બિરાજમાન સ્વરૂપનો પ્રભાવ ઘરમાં પડે છે તેથી આ સિવાય દરવાજા પર બેડરૂમ, રસોડુ કે અન્ય ક્યાંય સેવવાની મૂર્તિ રાખવી નહિ. હા, લીલા ચરિત્રો, મુક્તો, સંતો ધર્મવંશી ગુરુના સ્વરૂપને રાખી શકો છે. સિંહાસનમાં ઈષ્ટદેવ અને શ્રી નરનારાયણદેવ જરૂરીથી અન્ય સ્વરૂપ ઈચ્છા મુજબ પંચદેવની પૂજા ઈચ્છા મુજબ.

પંચદેવની મૂર્તિયોની સંખ્યાં વિષે મત્સ્ય પુરાણમાં કહ્યું છે કે, ઘરમાં બે શિવલીંગ, ત્રણ ગણેશ, બે શંખ, બે સૂર્ય, ત્રણ દુર્ગાદેવી, બે ગોમતી, બે શાલીગ્રામની પૂજા કરવાથી માણસને સદાય અશાંતિ ઉદ્વેગ થાય છે. શાલીગ્રામ સ્વરૂપ એકી સંખ્યા ૧, ૩, ૫, ૭ ની સંખ્યામાં રાખવો. સ્કન્દ પુરાણમાં કહ્યું છે કે, શાલિગ્રામની શિલામાં અને બાણલીંગની પ્રતિષ્ઠામાં આવાહનની જરૂર નથી હોતી. અન્ય સ્વરૂપમાં પ્રતિષ્ઠા આવાહન જરૂરી છે. બૃહતધર્મપુરાણમાં ૫૭ માં અધ્યાયમાં લખ્યું છે કે, ઘરમાં ચલપ્રતિષ્ઠા જ કરવી. અને મંદિરમાં અચલ પ્રતિષ્ઠા કરવી. જ્યારે મૂર્તિનું વિસર્જન કરવાનો સંયોગ આવે ત્યારે ગંગાજળ અથવા શાલીગ્રામ સ્વરૂપમાંથી બધા જ દેવોનું આવાહન અને વિસર્જન કરી શકાય છે.

ઓફિસમાં પણ એક યથાશક્તિ સિંહાસન રાખવું તેમાં યથા શક્તિ મર્યાદા પૂર્વક દીવો ધૂપ આરતી કરવી.

શ્રીમદ્ ભાગવત પુરાણ એકાદશસ્કંધ ૨૭ માં અધ્યાયા ૧૨ માં શ્લોકમાં મૂર્તિયો કેવા પ્રકારની રાખવી તો અષ્ટ પ્રકારની મૂર્તિ પ્રમાણિત કરી છે.

શૈલી દાસમયી લૌહી લેશ્વા લોયા ચ સૈકતી ।

મનોમયી મણીમયી પ્રતિમાષ્ટવિધા સ્મૃતા ॥

શૈલી એટલે પથ્થર નિર્મિત દાસમયી એટલે કાષ્ટનિર્મિત લોહી એટલે ધાતુ સોનુ, ચાંદી, તાંબુ, પિત્તળ વિગેરે માટી ચંદનની ચિત્ર પ્રતિમા, રેતીથી બનાવેલી, મનોમયી (મનની કલ્પના ધ્યાન સ્વરૂપ) અને મણી મયી. (રત્ન) આ અષ્ટ પ્રકારની જ મૂર્તિયોમાં પરબ્રહ્મના સ્વરૂપના તત્વનું મંત્ર વડે આવાહન કરી શકાય છે અને આ સ્વરૂપમાં પરબ્રહ્મનું તત્વ રહી શકે છે. અન્ય વસ્તુઓથી બનાવેલમાં ભગવાનના તત્વનું આવાહન કરવું કે પૂજન કરવું નહિ. જેમ કે આજકાલ ફાઈબર, પ્લાસ્ટીક, રબર, સિન્થેટીક જેવા રાસાયણિક પદાર્થોમાંથી મૂર્તિયોનું નિર્માણ થાય છે. જે શાસ્ત્રોક્ત રીતે વિરુદ્ધ છે. અને પર્યાવરણની દૃષ્ટિએ હાનિકારક ગણાય. આવી મૂર્તિયો બનાવનાર, પૂજનાર, પ્રતિષ્ઠા વિગેરે કરનાર બધા જ પાપના ભાગીદાર બને છે. રસાયણમાં ઘણું બધું મિશ્રણ થતું હોય છે તે સ્પર્શને પણ પાત્ર હોય કે નહિ તેનો મોટો સવાલ છે. તેમ છતાં દુનિયામાં પ્લાસ્ટીક યુગ છવાઈ ગયો છે. તેણે ભગવાનને પણ છોડ્યા નથી.

> આપણી નિત્ય પૂજા માટે શ્રીહરિ શિક્ષાપત્રીના શ્લોક ૫૪ માં વચન છે કે લેખવ્યાચાર્યા તત આદરાત્ ચિત્ર મૂર્તિની પૂજા કરવી.

**વળી કેલેન્ડર્સ, દિવાળી કાર્ડ, પત્રિકાઓ વિગેરેમાં ભગવાનની મૂર્તિયો છપાય છે પછી તે મૂર્તિની કેવી અવદશા થાય તેને નરી આંખે જોઈએ છીએ તો ક્યાં ગયો આપણો પ્રગટ ભાવ ?**

**પોકેટ કેલેન્ડર્સ જેવી નાની મૂર્તિયો પાકીટમાં રાખીને તે પાકીટને પેન્ટના પાછળની ખિસ્સામાં રાખવાવાળાનો ક્યાં ગયો પ્રગટ ભાવ ?**

જ્યારે આવી પત્રિકાઓ કેલેન્ડર્સ સમય પૂર્વક પૂર્ણ થાય ત્યારે ગમે ત્યાં ન મુકતાં નહિ તળાવમાં પધરાવવાં. કચરા પેટીમાં કે પસ્તીવાળાને આપવા નહીં.

આપણી નિત્ય પૂજા માટે શ્રીહરિ શિક્ષાપત્રીના શ્લોક ૫૪ માં વચન છે કે લેખવ્યાચાર્યા તત આદરાત્ ચિત્ર મૂર્તિની પૂજા કરવી. અને આત્મનિવેદી એવા ઉત્તમભક્ત હોય તેમણે શૈલીવા ધાતુજામૂર્તિ શાલગ્રામોઽર્ચ્ય એવ તૈઃ પથ્થરની ધાતુ - સોનું, ચાંદી, તાંબુ પિત્તળ થી બનાવેલ અથવા શાલીગ્રામ તેની પૂજા દેશકાળને અનુસરીને સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં ચંદન પુષ્પાદિથી કરવી.'' તે આત્મનિવેદી ભક્તોએ જમણા હાથના અંગુઠાના પર્વથી

લઈને વેંત સુધીની ઉંચાઈના પ્રમાણવાળી મૂર્તિ પૂજવી. પરંતુ વશિષ્ટ ઋષિના મત મુજબ પાષણની ચાર આંગળ અને ધાતુ નિર્મિત વેંતના પ્રમાણની પૂજવી. આ નિયમ નિજ પૂજા અને ઘર પૂજા માટેનો છે. મંદિરોની મૂર્તિયોનો પ્રમાણ શિલ્પશાસ્ત્રમાં કહેવામાં આવેલ છે.

શાલીગ્રામસ્વરુપ ખંડિત હોય તોય પૂજાય. અને જે દ્વિજ હોય તેને જ પૂજવાનો અધિકાર છે. અને સ્ત્રીયોએ શાલિગ્રામની પૂજા કરવી નહિ. શાલિગ્રામના સ્વરૂપમાં આવાહન વિસર્જનની આવશ્યકતા નથી. ચંદન, તુલસીથી અવશ્ય નિત્ય પૂજા કરવી. રાત્રે તુલસીપત્રને લઈ લેવા. તુલસીપત્ર સિવાય ભગવાન થાળ અંગીકાર કરતા નથી. તુલસીપત્ર સુકાયેલ પણ ચડાવાય. તુલસીપત્ર રાત્રીના તોડવા નહિ. સ્નાન કરીને પ્રાર્થના કરીને પત્ર તોડવાનો નિયમ છે.

ઘર મંદિરનાં બિરાજમાન સ્વરૂપની નિત્ય આરતી, થાળ (કંઈક નૈવેદ્ય) કરવો. બહારગામ જવાનું થાય ત્યારે પ્રાર્થના કરીને ઘર બંધ હોય તેટલા દિવસ પૂજા ન થાય તો કોઈ દોષ નથી. કેમ કે તેમાં "ચલ" તત્વનું આવાહ્‌ન થયેલ હોય છે.

ઈન્દ્ર રાજાએ બ્રહ્માજીને પ્રતિમા પૂજનનું રહસ્ય પૂછ્યુંઃ તો પિતામહ બ્રહ્માજી કહે : શિવજીએ મંત્ર શક્તિથી પ્રતિમાની આરાધના કરી તેથી મહેશ્વર થયા. મેં (બ્રહ્મા) શૈલી મયી પ્રતિમાનું પૂજન કર્યું જેથી મને બ્રહ્મત્વ મળ્યુ. વિષ્ણુએ નીલમયી પ્રતિમાનું પૂજન કર્યું તેથી સનાતન થયા. વૈશ્વદેવે-રોપ્યમયી પ્રતિમા, વાયુદેવે - પિત્તળની પ્રતિમા, વસુગણે- કાંસ્યની પ્રિતમા, અશ્વનીકુમારોએ - પાર્થિવમયી પ્રતિમા, વરુણદેવે - સ્ફટીકમયી પ્રતિમા, અગ્નિ દેવે - અન્નમયી પ્રતિમા, સૂર્યે - તાપ મયી પ્રતિમા, ચંદ્રે - મુક્તામણી પ્રતિમા, માતુકાગણે - વજ્રલોહમયી પ્રતિમાઓનું યથા શક્તિ પૂજન સેવા ધ્યાન કર્યું ત્યારે મોટાઈને પામ્યા છે.

શ્રીમદ્‌ ભાગવત સ્કંધ-૧૧ અધ્યાય-૨૭ શ્લોક-૨૪ માં કહ્યું છે કે ભગવાનનો તેજોમય અંશ મારા હૃદયમાં છે. જીવ તેની કલા છે એવું દિવ્ય સ્વરૂપ હૃદયમાં બિરાજે છે ત્યારે આ પરબ્રહ્મના સ્વરૂપની મૂર્તિની કલ્પના ધારણા કરીને માનસોપચાર પૂજા કરવી. વળી આયુધો. મુક્તો, વસ્ત્રો અલંકારાદિની ધારણા કરી.

વળી શ્લોક ૫૨ માં ભગવાન શ્રી કૃષ્ણએ ઉદ્ધવને કહ્યું કે, મારી મૂર્તિની પ્રતિષ્ઠા કરવાથી પૃથ્વીનું ચક્રવર્તી રાજ્ય, મંદિરના નિર્માણથી ત્રિલોકીનું રાજ્ય અને પૂજા વિગેરેની વ્યવસ્થા કરવાથી બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. વળી આ ત્રણેય સત્કર્મો કરનાર મારા જ ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે.

## નૂતન વર્ષના મંગલદિને પ.પૂ. મહારાજશ્રીની પધરાંમણી

શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી એમ સમસ્ત ધર્મકુળ પરત્વે અનન્ય નિષ્ઠાવાન આપણા પ.ભ. વસંતભાઈ ત્રિભોવનદાસ ટાંક પરિવારને ત્યાં છેલ્લા ઘણા વરસની જેમ આ વર્ષે પણ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તેમના નિવાસ સ્થાને પધરામણી કરી ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

શ્રી નરનારાયણદેવને ચોખ્ખો ધર્માદો તેઓ નિયમિત રૂપે કરે છે. ધન્ય છે આવા વિરલ હરિભક્તોને

## રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજના રજત શતાબ્દી પાટોત્સવ અંગે

સંપ્રદાયમાં સૌ પ્રથમ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠાપિત સર્વાવતારી સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજ રંગમહોલનો "રજત શતાબ્દી મહોત્સવ" ૧૨૫ મો વાર્ષિક પાટોત્સવ ફાગણ સુદ-૧ તા. ૬-૩-૨૦૧૧ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ અંતર્ગત ધામધૂમથી ઉજવાશે. આ પ્રસંગમાં યજમાનપદનો મહા લાભ લેવા માટે પૂ. મહંત સ્વામી અથવા પૂજારી સ્વામીનો સંપર્ક કરવો. (પૂજારી જ્ઞાનપ્રકાશદાસ, રંગમહોલ)

# કલંક ન કોઈ કું લગાત

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી
ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

સ્વામી હવે બહુંં જ સમજવા જેવો જીવનમાં ઉતારવા જેવો આઠમો નિયમ બતાવી રહ્યા છે. "કલંક ન કોઈ કું લગાત" ક્યારેય પણ કોઈની પર મિથ્યા અપવાદ આરોપણ ન કરવો. એમનેમ તો નહિ પણ પોતાના સ્વાર્થની સિધ્ધિને માટે પણ કોઈની પર ખોટુ આળ ન નાંખવું.

ભગવાન સ્વામિનારાયણ શિક્ષાપત્રીના "૨૦" માં શ્લોકમાં કહે છે કે,

"મિથ્યાપવાદઃ કસ્મિંશ્ચિદપિ સ્વાર્થસ્ય સિદ્ધયે ।

નારોપ્યો નાથશબ્દાશ્ચ ભાષણીયાઃ કદાચન ॥

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો...........

ઘણીવાર માણસને બીજાની થતી પ્રગતિ જોઈ શકાતી નથી. તેની થતી પ્રગતિથી તેને ઈર્ષા આવે છે. અને ઈર્ષા ને કારણે તે બીજા પર ખોટો આરોપ મુકતો હોય છે. વાતો કરે એ તો આવો છે. એ તો તેવો છે. તેમને શું ખબર એની અમે જાણીએ એને એ કેવો છે. આવા ખોટા આળો મુક્તો હોય છે. પણ જીવનમાં ક્યારેય આવાં ખોટા આળ કોઈની પર ન મુકશો . બની શકે તો તેની પ્રગતિમાં મદદરૂપ થજો.

કારણ કે મિથ્યા અપવાદને તો શાસ્ત્રોમાં મહાન પાપ ગણવામાં આવ્યું છે. આદિત્ય પુરાણમાં કહેલું છે કે "જેના ઉપર ખોટો આરોપ મુકાય છે તેના રૂદનથી જે આંસુઓ પડે છે તે આંસુઓથી મિથ્યા આરોપ મુકનારનાં પુત્રો, પશુઓનો નાશ થાય છે. બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી, અને ગુરુ સ્ત્રીના સંગમાં વૃદ્ધ પુરુષોએ પ્રાયશ્ચિત કહેલું છે. પરન્તુ મિથ્યા અપવાદ મુકનારને માટે પ્રાયશ્ચિત કહ્યું નથી." માટે ક્યારેય પણ કોઈનીય પર મિથ્યા અપવાદ આરોપણ ન કરવો.

ઉપપુરાણમાં કથા છે. એકવાર ચાર બ્રાહ્મણો કાશીએથી શાસ્ત્રોનો અભ્યાસ કરી પોતાના ઘર તરફ પાછા ફરી રહ્યા હતા. આ ચારે બ્રાહ્મણો ચાલતા-ચાલતા એક ગામમાં આવ્યા. બપોરનો સમય. ભૂખ પણ ખૂબ લાગેલી એટલે ગામની ભાગોળે ઓટલા પર બેઠેલા માણસોને આ બ્રાહ્મણોએ પૂછ્યું : ભાઈ અમારે ભીક્ષા લેવી છે. આ ગામમાં કોઈ સજ્જનનું ઘર બનાવશો. પેલા લોકોએ કહ્યું હા છે ને, પેલું જે દેખાય તે પટેલનું ઘર છે. તે બહું સારા અને ભલા માણસ છે. સજ્જન છે. તમે ત્યાં જાઓ તમને જરૂરથી ત્યાંથી સારી એવી ભીક્ષા મળશે. ચારે બ્રાહ્મણો પટેલના ઘરે પહોંચ્યા. પટેલે અતિથિને ઘરે આવેલા જોઈ ખૂબજ ભાવથી સ્વાગત કર્યું. પૂછ્યું આપ કઈ બાજુથી આવી રહ્યા છો. ત્યારે પેલા બ્રાહ્મણોએ જવાબ આપ્યો. અમે બ્રાહ્મણ છીએ કાશીથી વિદ્યાભ્યાસ કરી પાછા પોતાના વતન તરફ જઈ રહ્યા છીએ. રસ્તામાં તમારૂ ગામ આવ્યું. બપોરનો સમય છે. માટે ભીક્ષા લેવા માટે અમે તમારે ત્યાં આવ્યા છીએ. વાત સાંભળી પટેલ ખૂબજ રાજી થયા. કહેવા લાગ્યા અરે વાહ ! આજ મારા કેવા સદ્‌ભાગ્ય કે આપ જેવા પવિત્ર વિદ્વાન બ્રાહ્મણો મારે ત્યાં પધાર્યા. હે ભૂદેવો આપ થોડી જ વાર બેસો હું હમણા જ આપના માટે સુંદર રસોઈ તૈયાર કરાવું છું. પવિત્રપણે રસોઈ બનાવીશું. આપ



અમારા હાથનું જમો. આમ કહી શેઠ વિપ્રોને જમાડવા માટે રસોઈની તૈયારી કરવા લાગ્યા. શેઠે પોતાની પત્નિને કહ્યું ભૂદેવો આવ્યા છે શું જમાડીશું ? બન્નેએ નક્કી કર્યું. સુંદર દૂધ પાકની રસોઈ જમાડીએ. નક્કી કરી શેઠાણી દૂધ લેવા માટે ગયા. વાસણ લઈ દૂધ લેવા ગયા તો ખરા પણ ઉતાવળમાં પાત્ર પર ઢાંકવાનું ઢાંકણ લેવાનું ભૂલી ગયા. ઉતાવળા ઉતાવળા જઈ દૂધ લઈ જ્યારે પાછા આવી રહ્યા છે. એવા જ સમયે આકાશમાં એક સમડી સર્પને મારી પોતાના પગમાં લઈને જઈ રહી છે. ત્યારે પેલા સર્પના મુખમાંથી ઝેર ટપક્યું. જોગાનું જોગ નીચે શેઠાણી દૂધનું ભરેલું પાત્ર લઈ જઈ રહ્યા છે તેમાં પેલું સર્પનું કાતીલ ઝેર પડ્યું. શેઠાણી અજાણ છે. ખબર નથી કે આ દૂધમાં ઝેર પડ્યું છે. એમણે તો ખૂબજ ભાવ વિભોર થઈ પેલા ભૂદેવો માટે સુંદર રસોઈ તૈયાર કરી. શેઠે પણ ખૂબજ ભાવથી આસન પાથરી ચારેય બ્રાહ્મણોને જમવા માટે બેસાર્યા. પીરસવાનું શરૂ કર્યું. ભૂદેવો પણ ભગવાનનું સ્મરણ કરી જમવા લાગ્યા. દંપતિનો પ્રેમ જોઈ ભૂદેવો રાજી થયા. પણ જ્યાં રસોઈ જમી રહ્યા ત્યાં તો કાતીલ ઝેરની અસર ચાલુ થઈ. ચારેય ભૂદેવોના શ્વાસ રુંધાવા લાગ્યા. અને થોડી જ વારમાં તો ચારે બ્રાહ્મણો ત્યાંને ત્યાં મૃત્યુ પામ્યા. ગામમાં ખબર પડતા ચારે બાજુ હાહાકાર મચી ગયો. સર્વે ગ્રામજનો ભેગા થઈ ભુદેવોના શરીરને અગ્નિ સંસ્કાર કરવા લઈ ગયા.

પણ આ બાજુ યમલોકમાં ચિત્રગુપ્તનાં મનમાં મૂંઝવણ થઈ કે, આ બ્રહ્મહત્યાનું પાપ મારે લખવું કોના ખાતે. ઉપાય ન મળતા યમરાજ પાસે ગયા. પૂછ્યું ત્યારે યમરાજા કહે. શેઠાણીના ખાતે લખો. એના દૂધપાકથી આ ચારેય મર્યા છે. ત્યારે ચિત્રગુપ્ત કહે મહારાજ એમાં શેઠાણીનો શો વાંક ! એમણે તો સાચા ભાવથી બ્રાહ્મણોને જમાડ્યા હતા. એ તો નિર્દોષ છે. ત્યારે યમરાજ કહે તો પછી સર્પના ખાતે લખો. એના ઝેરથી મર્યા છે ? ચિત્રગુપ્ત કહે, પણ સર્પ તો મૃત્યુ પામ્યો હતો. અને મૃત્યું પછી પાપ પુણ્ય શેનું ? ત્યારે યમરાજાએ કહ્યું સમડીના ખાતે લખો. ત્યારે ચિત્રગુપ્ત કહે પ્રભુ એમાં સમડીનો શો વાંક ? એ તો પોતાના ખોરાકને લઈને જઈ રહી હતી. આમ જ્યારે કહ્યું ત્યારે હવે યમરાજા પણ મુંઝાણા. ચિત્રગુપ્તને કહ્યું ચાલો આનો ઉત્તર ભગવાન પાસે જ માંગીએ. એમ વિચારી ચિત્રગુપ્ત અને યમરાજા બંને ભગવાન પાસે આવી સર્વ વિગત કહી સંભળાવી. ભગવાન, યમરાજા, ચિત્રગુપ્ત ત્રણેય પૃથ્વી પર પેલા ગામમાં આવ્યા. ગામમાં પ્રવેશ કર્યો. અને ભાગોળે ઓટલા પર બેઠેલા એજ માણસોને ભગવાને પૂછ્યું કે, ભાઈ અમારે ભીક્ષા માંગવી છે. કોઈ સદ્‌ગૃહસ્થનું ઘર હોય તો બતાવો. ત્યારે ત્યાં બેઠેલા માણસોમાંથી એકે કહ્યું હા હા, જાઓ. સામે જે પેલું પટેલનું મકાન દેખાય છે. ત્યાં જાઓ. તમને જરૂરથી ભીક્ષા આપશે, હમણાં જ ચાર જણાને ભીક્ષા આપી ઉપર સુધી પહોંચાડ્યા. તમને પણ પહોંચાડશે. આમ જ્યારે પેલા માણસે કહ્યું ત્યારે ભગવાને ચિત્રગુપ્તને કહ્યું. એ પાપ આ દુષ્ટના ખાતે લખી નાખો. આને જોયા જાણ્યા વિના ખોટું આળ નાખ્યું છે. માટે પાપતો આના ખાતે જ લખો. ભગવાનની આજ્ઞા થતા ચિત્રગુપ્તે કમલ ઉપાડી ચાર બ્રાહ્મણનું પાપ પેલા માણસના ખાતામાં લખી નાખ્યું.

માટે શાસ્ત્રો કહે છે. કોઈના પર મિથ્યા આરોપ ન નાંખવો. અને ઘણીવાર કોઈના મુકેલા ખોટા આરોપથી મનુષ્ય આત્મહત્યા સુધીનું પણ પગલું ભરતો હોય છે અને કદાચ કોઈથી એવું કર્મ થયું. આપણે જાણીએ છીએ કે આ કર્મ એ વ્યક્તિએ જ કર્યું છે. છતાં પણ તે વાતને પ્રકાશ ન કરવી. શાંતિથી તે વ્યક્તિને એકાંતમાં સમજાવીને એની ભૂલને ઓળખાવવી જેથી એનું પણ કંઈક રૂડું થાય.

"સુણી પારકા દોષને દાટે,
તે જીવના રૂડા થાવા માટે"

# ધનુર્માસ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, જમીયતપુરા (મહંત સ્વામી, માણસા)

પોષ માસની હાડ ધ્રૂજાવતી ઠંડીમાં બારે માસ પોષણ આપે એવી શારીરિક ઉર્જા પામવાનો શિશિરકાલિન આ સમય ભક્તોએ ભક્તિભાવ પ્રગટાવવામાં પરિવર્તિત કરી લીધો.



ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્મા આ અરસામાં ગુરુ સાંદિપનીનાં આશ્રમમાં પધારી વિદ્યાભ્યાસમાં પ્રવૃત થયા.

ગુરૂભાઈઓના સહવાસમાં રહી ગુરુ સેવાના જાણે કે પાઠ શીખીને તમામ મુમુક્ષુઓને બ્રહ્મવિદ્યાના ધોરી માર્ગે પ્રવર્તવાની હાકલ કરી. ભક્તોએ પણ પ્રભુએ વેઠેલી ભીડાભક્તિમાંથી અથાગ પ્રેરણા લઈને વહેતી કરે છે. મીઠી નિંદરડીનો ત્યાગ કરી આખો માસ વહેતા નીરમાં સ્નાન કરવાનાં દેહ દમન કરી નિયમો લઈ લીધા. પૂજા પાઠથી પરવારી મંગળા આરતીનાં મીઠડા લઈ ભક્તો મહેરામણમાં સામેલ થઈ વિવિધ વાજિંત્રોના તાલે ઉચ્ચ સ્વરોના સથવારે ભગવાનનાં ભજનમાં એવા ગુલતાન થઈ જાય કે હરિજનો સાથે સ્વયં હરિ પણ દિવાના બની જાય.

શણગાર આરતી પછી વહાલાને વહેલા વહેલા જમાડી ભણવા મોકલવાની તૈયારીમાં ડૂબી જાય. રોજબરોજ નવા નવા વસ્ત્ર આભૂષણોથી હરિવરનાં શણગાર સજાવે, પાઠ્ય પુસ્તકો સાથે પાટીમાં નિત્ય નવા સુવાક્યો રૂપી ઉપદેશાત્મક આદેશો લખીને પ્રભુના હાથે પકડાવે. વળી નિશાળે સાથે લઈ જવા વિવિધ નાસ્તાઓ સાથે અવનવા વસાણા ઉપરાતં પીપર, બીસ્કીટ, ચોકલેટ, ચીકી અને સિંગ દાળીયા વગેરેનાં ખીંસા ભરી આપે.

આમ દરેક હૈયુ માતૃ ભક્તિભીનું પુત્રભાવે પ્રભુને લાડ લડાવવામાં થનગનતું બાળ ઘનશ્યામના નટખટ તોફાનોની સ્મૃતિ સભર સમયના વહેણમાં રસ તળબોળ રહી વહેતું જાય છે. હરિવર હિરલાને ભણવાં મોકલીને ભક્તો વળે છે. દાન-પુણ્ય ભણી ! ઘણા આખો મહિનો પંખીઓને ચણ નાખે છે. તો ઘણા ગાયોને ચારો નીરે છે, કોઈ ગરીબોમાં ધાબળા અને વસ્ત્રો વહેંચે છે. તો કોઈ અન્નદાનમાં શ્રધ્ધા રાખે છે. શ્રીમંતો નિશાળે ભણતા ભૂલકાઓને જમાડે છે. વૃધ્ધાશ્રમોને સંતોષે છે. કોઈને અનાથ આશ્રમોના બાળકોને પોષવાની વૃત્તિ સતેજ થાય છે. તો શ્રધ્ધાળુઓને સાધુ-સંતોને મનભાવથી રસોઈ જમાડી-ધોતીયા ઓઢાડે ને મનભરીને દક્ષિણાઓ આપી તૃપ્ત કરે છે. ઉદાર હાથે સમાજના સર્વ ક્ષેત્રે સેવા કરી પોતે માત્ર એકજ વખત થોડું ભોજન ગ્રહણ કરી પ્રભુ પરાયણ રહી હરિની આરાધના કરે છે. ઠેરઠેર પારાયણો અને જ્ઞાનયજ્ઞો, શાકોત્સવો દ્વારા હરિચરિત્રોના કથામૃત વહેતા રહે. સર્વોપરિ શ્રી નરનારાયણદેવના દરબારમાં અને આપણા દરેક નાના મોટા મંદિરોમાં ક્યાંય ધનુર્માસમાં વહેલા ધૂન ન થઈ હોય તેવું જાણ્યું, સાંભળ્યું કે જોયું નથી. કરોડોના મુખે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર એકધારા સતત અડધાથી એક કલાક લેવાય ત્યારે સમગ્ર બ્રહ્માંડ ડોલવા માંડે. આમ ધનુર્માસ એ બારમાસની આધ્યાત્મિક ઉર્જા પામવાનો મહામૂલો અવસર આવે તેની મીટ માંડીને ભક્તો રાહ જોતા રહે છે.

આવો આપણે પણ હર્ષ વધાવીએ હૈયા નચાવતા આવા માંગલિક ધનુર્માસને.....

# પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વચનમાંથી અવિસ્મરણીય વાત

- ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)



શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાપુનગર દ્વારા આયોજિત ૧૦૦૮ સમૂહ મહાપૂજાના પ્રારંભની સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તેમજ સમાપનની સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચન આપ્યું હતું. જેમાં બે વાત સ્મૃતિપટ પર રહી છે. જેમાં પ્રથમપ.પૂ. મહારાજશ્રીએ ધર્માદાની મહત્તા બાબત જણાવ્યું હતું કે, ઘણા વર્ષો પહેલા પ.પૂ. મોટા મહારાજશ્રી એક સમયે જમશેદપુર પધાર્યા હતા. એક સમૃદ્ધ હરિભક્તને ત્યાં ઉતારો હતો. તે ભક્તને ત્યાં ખૂબ સમૃદ્ધિ હતી. તે ભક્તને પ.પૂ. મોટા મહારાજશ્રીએ સહજ પૂછ્યું કે તમે આજીવિકા માટે શું ઉદ્યમ કરો છો? ત્યારે તે ભક્ત કહે, આમ તો હું કંઈ મોટો બીઝનેસ કરતો નથી. પરંતુ અહીં જે ટાટા કંપની ગાડીઓ બનાવે છે. તે ગાડી પર જે કંપનીનો 'ટી' સિમ્બોલ લગાવેલો હોય છે તે અમે બનાવીએ છીએ. અહીં વિચાર કરવાનો એ છે કે આવી મોટી કંપની સાથે કોઈનું નાનું સરખું પણ જોડાણ હોય તો તેના ઘેર આટલી સુખ સમૃદ્ધિ હોય તો જે ભક્તજનો અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ શ્રીહરિની આજ્ઞાથી શ્રી નરનારાયણ દેવના ચરણોમાં પોતાની આવકનો દશાંસ-વિશાંસ ભાગ ધર્માદા સ્વરૂપે નિયમિત જમા કરાવે છે તેના જીવનમાં દરેક પ્રકારે કેટલી ઉર્ધ્વગતિ થાય! મહારાજ સાથે ફક્ત ૨% ની જ ભાગીદારી હોય તો પણ તેને બહુ મોટી પ્રાપ્તિ થાય છે. ધર્માદો મહારાજ પાસે સીધો જ પહોંચે છે જ્યારે અન્ય દાન વાયા વાયા થઈને મહારાજ સુધી પહોંચે છે. નરનારાયણદેવના કોઠારમાં ધર્માદા સ્વરૂપે કેટલી રકમ જમા કરાવીએ છીએ એ મહત્વનું નથી. પરંતુ ધર્માદો અર્પણ કરવાની નિયમિતતા તથા તે અંગેની જાગૃતિ મહત્વની છે. દરરોજ સવારમાં તો આપણે આપણા ઈષ્ટદેવની પૂજા કરતા જ હોઈએ છીએ, પરંતુ વર્ષમાં ઓછામાં ઓછું એક વાર આપણે આવી સમૂહ મહાપૂજાના માધ્યમથી શ્રીહરિની મહાપૂજાનો લાભ લઈએ તો તેનાથી આપણને મહારાજનું વિશેષ સ્મરણ થતું હોય છે. જેમણે પણ આ સમૂહ મહાપૂજામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ લીધો છે તેઓ ધન્યવાદને પાત્ર છે.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ હરિભક્તોના સંકલ્પમાં કેટલું બળ હોય છે તે બાબતનો એક અદ્‌ભુત પ્રસંગ વર્ણવતા જણાવ્યું હતું કે, એક સમયે અમે અમેરિકાથી ભારત આવવા નીકળ્યા. ત્યારે ત્યાંના એરપોર્ટ પર અમને વિદાય આપવા માટે ઘણાં હરિભક્તો આવ્યા હતા. તે સમયે મહંત સ્વામી (અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી

હરિકૃષ્ણદાસજી) પણ અમારી સાથે હતા. અમને વિદાય આપવા આવેલા હરિભક્તોમાં સૌરાષ્ટ્રના ગોસલીયા પરિવારનો એક બાળક પણ હાથમાં ગુલાબનું એક ફુલ લઈને આવેલો, પરંતુ બનેલું એવું કે એ બાળક મોડો પડેલો. એ આવ્યો ત્યારે ઈમિગ્રેશનની વિધિ પૂર્ણ થઈને અમે તથા માલ સામાન બધું ફલાઈટમાં ગોઠવાઈ ગયેલું. તે બાળકને બહુ દુઃખ થયું. ગુલાબનું એક ફુલ અમારા હાથમાં આપીને વિદાય આપવાનો તેનો દ્રઢ સંકલ્પ તથા હૃદયની ભાવના હતી. હવે બન્યું એવું કે તે સમયે મહારાજની ઈચ્છાથી યોગાનુયોગ તે એરપોર્ટ પરના બધા જ કોમ્પ્યુટર બંધ પડ્યા. કેનેડીયન એરપોર્ટ કે જ્યાંથી એક સાથે અનેક વિમાનો ઉપડતા હોય છે, તે બધી ફલાઈટો રદ થઈ. અમે માલ સામાન સાથે એરપોર્ટ પર બહાર આવ્યા, ત્યારે બીજા બધાં હરિભક્તો તો એરપોર્ટ છોડીને નીકળી ગયેલા. પરંતુ પેલો નાનો બાળક હાથમાં ગુલાબનું ફુલ લઈને આંખમાં અશ્રુ સાથે ઉભો હતો. તેની હૃદયની શુદ્ધ ભાવના મહારાજે સ્વીકારી. સંકલ્પ પૂરો થયો. ત્યાર પછી તો અમે ફરી બે દિવસ અમેરિકા રહ્યા. પછી ભારત પરત ફર્યા. સત્સંગીના એક નાના બાળકના સંકલ્પમાં જો આટલી તાકાત હોય તો અહીં તો મ્યુઝિયમના ઉપલક્ષમાં ૧૦૦૮ સમૂહ મહાપૂજા છે. આટલા બધાં હરિભક્તો મ્યુઝિયમ માટે શુભ સંકલ્પ કરે તો મહારાજ તે કાર્ય નિર્વિઘ્ન અને સુંદર રીતે પૂર્ણ કરવાના જ છે ! તમે સૌએ આજે મ્યુઝિયમમાટેના અમારા ઉત્સાહ તથા મનોબળમાં ખૂબ વધારો કરી દીધો છે. મહારાજ ક્યારે કેવી રીતે રાજી થતા હોય છે તે અમે જાણતા હોઈએ છીએ વર્તમાન કાળે તો જે કોઈ ભક્તજનો સ્વામિનારાયણ મ્યુઝિયમ અર્થે સેવા કરી રહ્યા છે તેના પર મહારાજ જરૂર રાજી થવાના છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે પ.પૂ. મોટા મહારાજશ્રીએ એક બાળકના સંકલ્પની તાકાતની જે આ વાત કરી તેમાં પ.પૂ. મોટા મહારાજશ્રી પોતાના મુખેથી ન કહે પરંતુ શ્રીહરિએ શાસ્ત્રોમાં ધર્મવંશી આચાર્યશ્રીને પોતાના અપર સ્વરૂપે કહ્યા છે તે શ્રીહરિનું વચન પ્રેક્ટીકલ રીતે આ પ્રસંગથી સિધ્ધ થાય છે. સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન આચાર્ય સ્વરૂપે એ વિમાનમાં બિરાજમાન થઈ ચૂક્યા હતા અને એક બાળકની શુદ્ધ ભાવના પ્રેમને વશ થઈ કોમ્પ્યુટર બંધ પડવાના નિમિત્તથી એરપોર્ટ પર પરત ફર્યા. નિમિત્ત ઉભુ કરનાર પણ સર્વાવતારી શ્રીહરિ જ છે ! પુરુષોત્તમપ્રકાશઃ માં નિષ્કુળાનંદ સ્વામીની કલમે શ્રીહરિ કહે છે,

અમે એમાં એ છે અમમાં ઈ રે,
એમ સમઝો સહુ બાઈ ભાઈ રે ॥
એથી અમે અળગા ન રૈ'યે રે,
એમાં રહીને દર્શન દૈયે રે ॥

ધર્મવંશી આચાર્યશ્રીના જીવનમાં તો આ પ્રકારની કેટલીય અદ્ભુત ઘટનાઓ બનતી રહેતી હોય છે, પરંતુ ક્યારેક તેઓશ્રીની કૃપા રાજીપાથી આપણને આવી અવિસ્મરણીય ઘટનાઓ સાંભળવા મળી જતી હોય છે. શ્રીહરિ જ્યારે આ પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે વિચરણ કરતા હતા ત્યારે ભક્તજનોના શુભ સંકલ્પ અંતર્યામી રીતે જાણીને શ્રીહરિએ પુરા કર્યા હોય તેવા આપણા શાસ્ત્રોમાં કેટલાય પ્રસંગો લખાયેલા છે. આજે પણ એ જ પરંપરા ચાલુ છે !

### શ્રી નરનારાયણદેવ દેશના શિખરબધ્ધ મંદિરોના મહંત સ્વામી જોગ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી નરનારાયણદેવ દેશના દરેક મહામંદિર શિખરબધ્ધ મંદિરોના ફોટા વેબસાઈટ પર મૂકવાના હોવાથી જે તે મંદિરના મહંત સ્વામીશ્રીઓએ અમદાવાદ કાલુપુર, શ્રી સ્વામિનારાયણ મંદિર (કોઠાર) મોકલી આપવા વિનંતી છે.

### આપણા આગામી ઉત્સવો

**મહા સુદ-૫ :** વસંત પંચમી તા. ૮-૨-૨૦૧૧ મંગળવાર શ્રી શિક્ષાપત્રી જયંતી-મૂળી મંદિર પાટોત્સવ સમૈયો.

**મહા સુદ-૮ :** તા. ૧૧-૨-૨૦૧૧ શુક્રવાર ટોરડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ.

**મહા સુદ-૧૦ :** તા. ૧૩-૨-૨૦૧૧ રવિવાર નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ.

**મહા સુદ-૧૨ :** તા. ૧૫-૨-૨૦૧૧ મંગળવાર ધરિયાવદ શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ.

**મહા સુદ-૧૪ :** તા. ૧૭-૨-૨૦૧૧ ગુરુવાર વાસણા (અમદાવાદ) શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ.

# ગુરૂમંત્ર-દીક્ષા મહોત્સવ

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર, નરનારી જેને જોઈએ.

આથી સર્વ ખાખરિયા દેશ સત્સંગી બાઈ-ભાઈ સમસ્તને જણાવવાનું કે આપણો ઉદ્ધવ સંપ્રદાય છે તેની રીત જાણી જોઈએ અને ગુરુપરંપરા પણ અવશ્ય જાણવી જોઈએ. તેની ગુરૂપરંપરા કેવી છે ? તેના ગુરૂમંત્રોનો મહિમા કેવો છે ? શ્રીજી મહારાજે ધર્મકુળનું સ્થાપન કર્યું છે તે પદની ગરિમા શું છે ?

તો આપણે સંપ્રદાયિક રીતે જાણવું જોઈએ કે આપણો સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાય છે, શ્રીકૃષ્ણ ભગવાનના અનન્ય ભક્ત ઉદ્ધવજી અયોધ્યામાં અજય પિતા અને સુમતિ માતા થકી પ્રગટ થયા અને મોટા થતા માતા પિતાની રજા લઈ ઘરનો ત્યાગ કરી અનેક મુમુક્ષુ જીવાત્માઓના કલ્યાણ માટે નીકળી ગયા. સાકાર ભગવાનનું દર્શન કરાવે તેવા ગુરૂની શોધ કરતા શ્રી રંગક્ષેત્રમાં પહોંચી ગયા. અને ત્યાં રામાનુજાચાર્યનો ભેટો થઈ ગયો. ને તેમના થકી વૈષ્ણવી દીક્ષા લીધી અને સાચા ગુરૂ તરીકે સ્વીકાર કર્યા. અનેક ઉપાધિઓને અંતે શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન થયું. તો પ્રતાપ હતો રામાનુજાચાર્યનો. તેથી જ શ્રીજી મહારાજે વડતાલ પ્રકરણના ૧૮ માં વચનામૃતમાં કહ્યું કે "ઉદ્ધવ તો રામાનંદ સ્વામી રૂપે હતા. અને તે રામાનંદ સ્વામી શ્રીરંગ ક્ષેત્રને વિષે સમાધિ માં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષા પામ્યા માટે રામાનંદ સ્વામીના ગુરૂ તે રામાનુજાચાર્ય છે અને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ.



આ સંપ્રદાયનું સુકાન કોને સોંપવું ? તેથી મોટા મોટા નંદ સંતો તથા હરિભક્તોએ દીર્ઘવિચાર કરી પવિત્ર ધર્મદેવના કુળમાં રામપ્રતાપભાઈ તથા ઈચ્છારામ ભાઈના એક એક પુત્ર અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી મહારાજને દત્તક વિધિ વડે કરીને, પુત્ર તરીકે તેમને સ્વીકારી મોટો ઉત્સવ કરી આ સત્સંગના બે વિભાગ કર્યા. ઉત્તર વિભાગ અને દક્ષિણ વિભાગ. ઉત્તર વિભાગ એટલે શ્રી નરનારાયણદેવની ગાદી અને દક્ષિણ વિભાગ એટલે શ્રી લક્ષ્મીનારાયણદેવની ગાદી કરી અને અનુક્રમે અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજને ગાદીએ બેસાડ્યા અને ત્યાગી ગૃહી સમસ્ત હરિભક્તોના ગુરુપણા વિષે નિયોજ્યા અને તે બંનેને પોતપોતાના ધર્મમાં રહીને ભક્તિમય જીવન જીવવાનો ઉપદેશ કર્યો અને દેશ વિભાગનો લેખ કરી ભવિષ્યમાં સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી અવિરતપણે આ ઉદ્ધવ સંપ્રદાયની પ્રગતિ થતી રહે તેવી ઉત્તમવ્યવસ્થા કરી અને જાહેર કર્યું કે મેં પધરાવેલ દેવો અને આચાર્યોને આશ્રયે રહીને ધર્મ નિયમરૂપી મારી આજ્ઞા શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તન કરશે તેનું આત્યંતિક કલ્યાણ કરવું છે. સત્સંગ સમાજને પણ ભલામણ કરી અને સંતોને પણ

ભલામણ કરી. અમારું પવિત્ર ધર્મકુળ છે તેમ મહિમા જાણીને તેની પરંપરાના આચાર્યોની આજ્ઞામાં જે કોઈ રહેશે તેને હું મારા ધામમાં તેડી જાઈશ. એવો કોલ આપ્યો છે. આચાર્યોને પણ મીઠો ઉપદેશ આપી ધર્મ નિયમમાં સાવધાન રહેવા કહ્યું. સત્સંગની મર્યાદામાં રહીને આજ્ઞામાં રહીને ગાદી સંભાળવાની સલાહ આપી છે. અને શરણે આવેલા મુમુક્ષુ હરિભક્તોને ગુરૂમંત્ર આપવાની સુંદર કલ્યાણકારી રીતિ પ્રવર્તાવી છે. અને સમગ્ર સત્સંગ સમાજને પણ ભલામણ કરી કે અમે સ્થાપેલ આ બે ગાદીને જે વફાદાર રહેશે અને તે ગાદી સ્થિત આચાર્ય થકી ગુરૂમંત્ર-દીક્ષા લેશે તેના ગમે તેવા પાપ હશે તે બળીને ભસ્મ થઈ જશે. અને આ દેહને અંતે અમો તેને તેડવા આવીશું. આ કાંઈ નાની સૂની વાત નથી. આચાર્ય પદ એ આપણા સંપ્રદાયની ધોરી નસ છે. તેનાથી જ સમગ્ર સત્સંગનું પોષણ થાય છે.

આવી રીતે આચાર્ય પદની ગરિમા સ્વમુખે વર્ણવી છે. મુમુક્ષુ જીવાત્માઓના કલ્યાણ માટે અનેક ઉપાય બતાવ્યા છે. પણ આચાર્યનું સ્થાપન એ છેલ્લો ઉપાય છે. તેના વડે કરીને અસંખ્ય જીવો ભવસાગરને તરી શકશે. અંતમાં શ્રીજી મહારાજે કહ્યું કે

**"જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજુ કેમ થાશે રે; માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે."**

આ પ્રમાણે બાઈઓ હરિભક્ત માટે આચાર્ય ધર્મપત્નીઓને "ગાદીવાળા"નું બિરૂદ આપી તેમનો પણ આચાર્યપદ જેવો જ મહિમા કહ્યો છે. આચાર્ય પત્ની તેમના પતિની આજ્ઞાથી જ સ્ત્રીઓને ગુરુમંત્ર આપી શકે છે. આવી કળિકાળમાં અલૌકિક વ્યવસ્થા કરી દેવો, આચાર્ય, સંતો અને હરિભક્તો. આ સમગ્ર પરિવાર એક આત્મીયતાથી જીવન જીવી સહેજે સહેજે અક્ષર ધામની પ્રાપ્તિ કરી શકે તેવું બંધારણ આ ઉદ્ધવ સંપ્રદાયનું છે. તેમાં રહી એક બીજાનો મહિમા સમજી આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરી શકાય તેમછે. તો આવો મેડા ગામને આંગણે આનંદ માણીએ. પણ યાદ રાખજો ગુરૂમંત્ર વગરની ભક્તિ યથાર્થ ફળ આપતી નથી... કલ્યાણમાં કંઈક કાચું રહે માટે રખે ગુરૂમંત્ર વગર રહેતા નહિ."

### કાર્યક્રમની રૂપરેખા
### તા. ૨૩-૧-૨૦૧૧ ને રવિવાર

(૧) જપયજ્ઞ સવારે ૭-૦૦ થી ૯-૦૦ વાગ્યા સુધી
(૨) સમગ્ર ધર્મકુળનું સ્વાગત સામૈયુ : ૯-૦૦ કલાકે
(૩) પ્રાસંગિકસભા,પ્રવચન,ગુરુ મંત્ર : ૧૦ થી ૧૨-૦૦
(૪) મહાપ્રસાદ : ૧૨-૦૦ વાગ્યા પછી

**ગુરુ મંત્ર મહોત્સવમાં ધામોધામથી નીચેના સંતો પધારશે.**

(૧) સ.ગુ. મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી, અમદાવાદ
(૨) સ.ગુ.સ્વા. સ્વયંપ્રકાશદાસજી, જયદેવપુરા
(૩) સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, અમદાવાદ
(૪) સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, જેતલપુર
(૫) સ.ગુ. શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામી, જેતલપુર
(૬) સ.ગુ. શા. સ્વામી આનંદપ્રિયદાસજી, મહાદેવનગર
(૭) સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી, નારાયણઘાટ
(૮) સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, નારણપુરા
(૯) સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી, જમીયતપુરા
(૧૦) બ્ર. પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી, અમદાવાદ
(૧૧) સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સુરેન્દ્રનગર

**મહોત્સવમાં સેવા કરનાર હરિભક્તો**

પ.ભ. ખીમજીભાઈ ભગવાનદાસ પટેલ પરિવાર
(૧) પ.ભ. રતિલાલભાઈ ખીમજીભાઈ હ. કેતનકુમાર
(૨) પ.ભ. ઓધવજીભાઈ જાદવજીભાઈ હ. મહેન્દ્રભાઈ
(૩) પ.ભ. ગોવિંદભાઈ ખીમજીભાઈ હ. શરદભાઈ, જિજ્ઞેશભાઈ
(૪) પ.ભ. જયંતભાઈ મણીલાલ હ. જયકુમાર
(૫) પ.ભ. મનસુખભાઈ ઝવેરભાઈ પટેલ હ. નિરવકુમાર

પુનઃ હાર્દિક આમંત્રણ : જપયજ્ઞ તથા ગુરૂમંત્ર દીક્ષા મહોત્સવની પૂર્ણાહુતિ પછી તરત જ મહા પ્રસાદ માટે ગામ મેડાના ભાવિક ભક્તોનું આગ્રહભર્યુ આમંત્રણ છે. તો જરૂરથી આ દિવ્ય પ્રસંગે પધારશોજી.

શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ. મેડા, તા. કડી.
લી. આપ સહુના દર્શનાભિલાષી સત્સંગ સેવકો.

# ભક્ત કવિ રૂપજીભાઈ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

જામનગર તાલુકાના 'કોશિયા' ગામના કડિયા રૂપજીભાઈ બહુ જ સારા ભક્ત કવિ હતા. ૧૭ વર્ષની ઉંમરે તેઓ સદ્‌ગુરુની શોધમાં ઘેરથી મહાભિનિષ્ક્રમણ કરીને નીકળી ગયેલા. કોશિયાથી કચ્છ ગયા. કચ્છમાં છ વર્ષ રહ્યા બાદ રાજકોટ, વાંકાનેર, મુળી વગેરે ગામ ફરતા ફરતાં વઢવાણ પાસે 'ખારવા' ગામે રોકાયા.

એક દિવસ રૂપજીભાઈ ખારવા ગામના ગોંદરે આવેલા મનોરમ્ય તળાવની ઊંચી પાળે બેઠા હતા. તે સમયે તેમને સુંદર નૈસર્ગિક વાતાવરણમાં એક કાવ્ય સ્ફુર્યું અને એકાએક એમના મુખમાંથી શબ્દો સરી પડ્યા :

"ન કરો પરણ્યા કેરું કામ, કદી ચૂડો ભાંગે,
રાખો હરિસંગે હેત, ચૂડો અમર રાખે.
પહેરો સંતની વરમાળ, જમ પાસે નવ આવે,
સોંપો તન મન ધન, હરિ તેડવા આવે."

'ધનાશબા' નામના એક જેમના નિયમ, નિશ્ચય અને પક્ષ દૃઢ છે એવા સત્સંગી ભાઈ રહેતા હતા, તેમના કાને કવિરાજ રૂપજીભાઈની ઉપરોક્ત કાવ્યપંક્તિઓ પડી. તેમને થયું કે, આ કોઈ ભક્તકવિ લાગે છે. ધનાશબા તેમની સમીપે પહોંચ્યા અને તેમની સાથે સત્સંગ કર્યો. ધનાશબાએ રૂપજીભાઈને કહ્યું : "તમે ભગવદ્‌ ભક્ત છો અને શીઘ્ર કવિ પણ છો, છતાં પ્રગટ ભગવાન મળ્યા વિના આત્યંતિક કલ્યાણ તો અશક્ય જ છે."

"પરંતુ અત્યારે આ કળિકાળમાં પ્રગટ ભગવાન ક્યાંથી હોય?" રૂપજીભાઈએ કહ્યું.

ધનાશબાએ છાતી ઠોકી ગૌરવભેર કહ્યું : મને પ્રગટ ભગવાન મળ્યા છે અને મેં એમનો રાજીપો પણ મેળવ્યો છે."

પરંતુ આ રૂપજીભાઈ એમકાંઈ માને એમન હતા. તે કહે : "હું નજરે નિહાળું અને મને દર્શનનો લાભ મળે તો જ માનું."

ધનાશબા રૂપજીભાઈને લઈને સમૈયા ઉપર ગઢપુર ગયા. ત્યાં શ્રીજી મહારાજ સાથે મેળાપ કરાવ્યો. તેમને અહીં શ્રી સહજાનંદ સ્વામીના દર્શન થતાંની સાથે જ રૂપજીભાઈ કડિયાના કવિ હૃદયમાં આ કાવ્યમય કરુણાકરની, કરુણાનિધાનની મનમોહક, મનોરમ્ય મૂર્તિ વસી ગઈ. અંતઃકરણના અતળ ઊંડાણમાં કોઈ અનેરી, અનોખી અને અદ્વિતીય પ્રેરણાનું ઝરણું વહી રહ્યું. કવિરાજે તે જ ક્ષણે, તત્કાળ સંસાર ત્યજી ભગવાં વસ્ત્રો પરિધાન કરીને, 'ભૂધરાનંદ' બન્યા.

"ભૂમાનંદ તુમ્હાર જીવન સ્વયં કાવ્ય હૈ,
કોઈ કવિ બન જાય, સહજ સંભાવ્ય હૈ !"

તેમણે રચેલા કાવ્યો અને કીર્તનોમાં 'ભૂધરાનંદ' નામાભિધાન બરાબર પ્રાસમાં બંધ બેસતું મહારાજને ન લાગ્યું. તેથી શ્રીજી મહારાજે એમને 'ભૂમાનંદ' નામ આપ્યું. આ ઉલ્લેખ શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતોમાં છે.

સદ્‌ગુરુ શ્રી કૃષ્ણાનંદ સ્વામી 'શ્રીહરિ ચરિત્રામૃત' માં સંતકવિ ભૂમાનંદ સ્વામી વિશે નોંધતાં લખે છે :

"ભૂમાનંદ સ્વામી ભલા ભક્ત, નામરૂપો હરિમાં આસક્ત,
રહેતા ખારવા ગામમાં ખાંતે, ઘરત્યાગ કર્યો સુણી વાતે.
કવિતા કરતા અતિ કાજુ, જગજીવનમાં હેત ઝાઝું,
થયા ત્યાગી મૂકી જગફંદ, નામધરાવ્યું ભૂધરાનંદ.
નામકાવ્યમાં મળતું ના'વ્યું, ત્યારે શ્રીજીએ આપે ફેરાવ્યું,
પાડ્યું ભૂમાનંદ ભયહારી, કાવ્યમાં મળતું સુખકારી."

કવિશ્વર દલપતરામને સત્સંગમાં ભૂમાનંદ સ્વામી લાવ્યા હતા. તેઓ દલપતરામના દીક્ષાગુરુ હતા. "જમો થાળ જીવન જાઉં વારી....." ભૂમાનંદ સ્વામી રચિત આ થાળ આજે મંદિરોમાં અને ઘેર ઘેર ગવાય છે. અહીં શ્રીજી મહારાજ માટે 'જીવન' શબ્દ વાપર્યો છે તે યથાર્થ અને સૂચક છે ! કવિ એ શબ્દવાચક નહિ પરંતુ જીવનવાચક સંજ્ઞા છે. જોડકણાં કરે તે કવિ નહિ, પરંતુ જીવનને સન્માર્ગે યોજે તે કવિ. આવા 'જીવન' પર તો કવિતાદેવીને પણ કાવ્ય રચવાનું મન થાય!

# આનંદની હેલી

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

## રાત્રે જલેબી મગાવી

શ્રીજી મહારાજે ભુજની સભામાં બહુ સુંદર વાત કરી, 'ગૃહસ્થનું કલ્યાણ સંતની બરોબર થાય કે નહિ ?' સુંદરજીભાઈના આ પ્રશ્ન ના જવાબમાં મહારાજે ખૂબ રૂડી વાત કરી કે ગૃહસ્થો અન્ન-વસ્ત્રથી સાધુની સેવા કરે છે અને પુસ્તક પાનું આદિ જોઈતી વસ્તુઓ આપે છે. એમ સદ્‌ગૃહસ્થોની સેવાના બળે સંતો નિરાંતે ભજન કરે છે. અને કથાવાર્તા દ્વારા સંતો ગૃહસ્થોની સેવા કરે છે. એટલે સાધુ અને ગૃહસ્થોનું સરખું કલ્યાણ થાય છે.

આ વાત કરીને મહારાજ પાટ ઉપર આડે પડખે થયા હતા. એ વખતે પ્રભુએ પેટ ઉપર હાથ ફેરવ્યો. ચકોર સેવક સુંદરજીભાઈએ પૂછ્યું કાંઈ ભૂખ લાગી છે ? મહારાજ કહે ભૂખતો લાગી છે પણ રાત બહુ વીતી ગઈ છે. માણસો બધા સૂઈ ગયા છે. તો અત્યારે જમવાનું ક્યાંથી મળે ? સુંદરજીભાઈ કહે તમે એવી ચિંતા ન કરશો. એક બ્રાહ્મણને બોલાવી કહ્યું કે કંદોઈની હાટે (દુકાન)થી મીઠાઈની માટલી લાવ. બ્રાહ્મણ હાટેથી તરત જ જલેબીની માટલી લાવ્યા. સુંદરજીભાઈએ માટલી હીરજીભાઈને આપીને કહ્યું કે મહારાજને જમાડો. જોઈએ તમે જમાડતા થાકો છો કે હું મંગાવતા થાકું છું.

હીરજીભાઈએ માટલી મહારાજના હાથમાં આપી. તેમાંથી જલેબી કાઢીને હીરજીભાઈ આપતા જાય મહારાજ જમતા જાય અને પૂછતા જાય કે હજુ કેટલી છે ? હજુ ક્યાં કશું જમ્યા છો ! બધી એમની એમ પડી છે. એમ કહીને હીરજીભાઈ સુંદરજીને કહે કે માટલી ખાલી થવા આવી છે ! એટલે બીજી માટલી મગાવી. મહારાજ પણ હસતા જાય અને પાટ ઉપર લાંબા થાય. વળી બેઠા થાય. પાછા હસે અને માટલી સામી નજર કરે. હજુ કેટલી છે ? એમ રમૂજ કરે.

ત્યારે હીરજીભાઈ કહે જો જલેબી પડી રહેશે તો મારી લાજ જશે. અને મને અહીં રહેવા નહિ દે. જવાબમાં મહારાજ હસતા હસતા જમતા જાય. ત્યાં હીરજીભાઈ કહે માટલી તો પૂરી થવા આવી. સુંદરજી ! તારાથી એમનું પુરું નહિ થાય. એટલે સુંદરજીભાઈએ ત્રીજી માટલી મગાવી. હીરજીભાઈ માટલીમાંથી જલેબી પીરસતા જાય અને મહારાજ જમતા જાય. હસતા હસતા આનંદ કરતા જાય. ત્રીજી માટલી જમી રહ્યા. બાકીની જલેબી પ્રસાદરૂપે સંતો હરિભક્તોને વહેંચી હાથ ધોઈને કોગળા કરીન પ્રભુ એલચી તજ જમ્યા અને નિંદ્રાધિન થયા.



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## શ્રધ્ધાથી બધું જ મલે

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

નિસ્વાર્થ સંતનો સંગ મળે એ મોટી વાત છે. હૈયામાં ભગવાનના ભક્ત પ્રત્યે સદ્‌ભાવ હોય એવા સંતનો સંગ રાખવો. તેમનું વચન માનવું. મંદિર એ મોક્ષનું સ્થાન છે. એવા મંદિર સાથે જીવ જડી જવો જોઈએ. એ બંને મળવા પરમાત્માના કૃપાની વાત છે. પણ આપણામાં શ્રધ્ધા હોવી, અને તે બળવાન હોવી એ આપણા હાથની વાત છે.

શ્રધ્ધાને બદલ્યા કરવી નહી. વળી તેને વારંવાર ખોતર્યા કરવી નહી. જેણે ભગવાન પર શ્રધ્ધા મૂકી છે તો તેની બધીજ બાબતોને પ્રભુ સ્વયં સંભાળી લે છે.

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે રામાયણમાં સ્વયં શ્રીરામજીના વચન છે કે માતા જેમપોતાના બાળકની રક્ષા કરે છે તેમવિશ્વાસી ભક્તની રક્ષા ભગવાન કરે છે. તેને સ્થિર રાખો તો જરૂર સદ્‌ગુણો વધશે. રેલવેમાં તમે બેસો, તમારે મુંબઈ જવુ છે, શ્રધ્ધા છે કે સવારે પાંચ વાગે પહોંચી જઈશું. ક્યારકે બાર પણ વાગે. પરંતુ શ્રધ્ધા રાખો, જે ટ્રેનમાં તમે બેઠા છો તેજ ટ્રેન તમને મુંબઈ પહોંચાડશે. ભગવાનના ભક્તે ભગવાનમાં રાખેલી શ્રધ્ધા નિષ્ફળ જતી નથી. યાદ રાખજો કે કદી પણ શ્રધ્ધા અને શંકા એક સાથે રહી શકતા નથી. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં કહ્યું છે કે - શ્રધ્ધાવાન લભતે જ્ઞાનમ્''

''શ્રધ્ધા જ મારી લઈ ગઈ, મંઝિલ ઉપર મને,
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.''

શ્રધ્ધાવાનથી શું ન થાય ? એક મહાત્માના આશ્રમમાં ચેલો આવ્યો. મને આ લોકમાં શાંતિ અને પરલોકમાં મોક્ષ કઈ રીતે મળે ? મહાત્મા કહે થોડી વાર રહે, પછી કહીશ. યુવક તો બરાબર પાછળ પડી ગયો. મને જલદી ઉત્તર આપો. મહાત્મા કહે હું એકલો પડું ત્યારે તને મળીશ. યુવક તો અખંડ ઉભો જ રહ્યો. મહાત્માજીને થયું આ તો આદુ ખાઈને બરાબર પાછળ પડ્યો છે. બીજે દિવસે સવારે મહાત્મા બહાર જવા નિકળ્યા. પેલો યુવક પાછળ ને પાછળ. મહાત્મા વાડ પાસે બેઠા. ત્યાં યુવક આવ્યો ને મહાત્માજી ગરમ થયા. ત્રણ દિવસથી મારી પાછળ પડ્યો છે. ભાંગેલી ઈંટનું રોડું પડેલું તે ઉપાડીને તેની ઉપર ફેંક્યુ, જા. યુવક તે રોડું લઈને ભાગ્યો. તેને મનમાં થઈ ગયું કે આમાંજ મને સુખ, શાંતિ અને મોક્ષ મળવાનો. યુવક ઘરે આવ્યો.

યુવક તે રોડા ને પૂજે. રોજ જળ ચડાવે. પાડોશીઓ પૂછે છે કે આમનું નામ શું ? ''ઢેખાળેશ્વર મહાદેવ'' પછી તો ઘર છોડી નદીના કિનારે બેસીને માંડ્યો પૂજા કરવા. આ દેવની બાધા રાખો. કોઈ ખેડૂતે બાધા રાખી. તેનું કામ થયું પછી તો બધાય બાધા રાખતા થઈ ગયા. કોઈ લાખો કરોડો રૂપિયા વાળા ધનપતિ આવ્યા. તેમને સંતાન નહીં. યુવક કહે બાધા રાખો. તમારું કામ થઈ જશે. શેઠે બાધા રાખી. જો મારૂ કામ થાય તો મંદિર ધર્મશાળા બંધાવી આપું. સમયાંતરે શેઠને ત્યાં દીકરાનો જન્મ થયો. શેઠ બાધા પૂરી કરવા આવ્યા. શેઠે ત્યાં મંદિર, ધર્મશાળા તથા તેને નિભાવવાની વ્યવસ્થા કરી આપી. પછી તો બાધાવાળાની લાઈનો લાગવા માંડી. મંદિરમાં સવાર-સાંજ આરતી થાય.

યુવકના ગુરૂરૂપ જે મહાત્માજી હતા તે ચાર-પાંચ ચેલા સાથે યાત્રા કરવા નિકળ્યા. જોડે ગૃહસ્થો પણ પંદર-વીસ હતા. મોટો સંઘ નીકળ્યો. બધે જ યાત્રા દર્શન કરતાં કરતાં અહીંનાં મંદિરે આવી પહોંચ્યા. ત્યાં મંદિર તરફથી બનાવેલી ધર્મશાળામાં રહેવાની, જમવાની વ્યવસ્થા છે. મહાત્માજીએ મંદિરમાં આવી હાથ જોડ્યા. અહીં નથી માતાજી, રામકે કૃષ્ણ ? તો આ શું ?

ઢેખાળેશ્વર મહાદેવના પૂજારીએ જોયું, ઓહોહો !! આ તો મારા ગુરૂદેવ પધાર્યા છે. સામે દોટ મૂકી. આમના લીધે તો હું સુખી થઈ ગયો. આ તો મારા ગુરૂ. આ બધો તેમનો પ્રતાપ છે. તેણે બધીજ વાત પોતાના ગુરૂને કહી. ગુરૂદેવ ! મને તો સુખ-શાંતિ અને મોક્ષ બધું તમારી કૃપાથી મળી ગયું છે.

વાત સાંભળીને મહાત્માને નવાઈ લાગી. પણ યુવક-ચેલો તો મહાત્માજીના પગ પકડી રાખ્યા ને બોલ્યો અહીં આ મંદિર, ધરમશાળા જે કાંઈ પણ સગવડતા સાનુકૂળતા છે તે તમારા આશીર્વાદનું ફળ છે. મને મોક્ષ પણ મળશે જ. મહાત્માજીને વિચાર આવ્યો કે ગુરૂનાં શાસ્ત્રનાં, વચન બધું જ શ્રધ્ધાથી ફળે છે. વચનામૃત કહે છે સુખ સમૃદ્ધિ, જ્ઞાન, વૈરાગ્ય અને મોક્ષની માતા શ્રધ્ધા છે. આપણે શ્રધ્ધા સ્વામિનારાયણ ભગવાનમાં રાખવી. દરરોજ શ્રધ્ધાથી ભક્તિ, ભજન, દર્શન, કથા, શ્રવણ કરવી. સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે. તેમના પ્રત્યેની શ્રધ્ધા હોય તો કઈ વસ્તુ પ્રાપ્ત ના થાય ?

●

## ક્ષણ સત્સંગનો પ્રતાપ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

"થોડો સમય પણ જો સત્સંગ થાય તો જીવ તરી જાય છે." પરંતુ આવો મહિમા ઉપદેશથી સમજનારા ઓછા હોય છે. પણ જેના જીવનમાં એવી કોઈ ઘટના સર્જાય ત્યારે તે આવી વાતનો સ્વીકાર કરે છે.

એક શેઠ હતાં. શેઠ હોવા છતા સવારે વહેલા ઉઠવાની ટેવ હતી. કહેવત છે ને કે,

"વિદ્યાવાન થવા એક એક ક્ષણનો ઉપયોગ કરવો ને
ધનવાન થવા એક એક કણનો ઉપયોગ કરવો.'

આ શેઠની પ્રકૃતિ પણ એવી જ હતી. ક્ષણ અને કણ બન્નેનો ઉપયોગ કરતા. શેઠનો દરરોજનો ક્રમ સવારે વહેલા ઉઠી નદી કિનારે ચાલવા જાય. પછી પોતાને બંગલે આવે. નાપિત પાસે દાઢી કરાવે પછી સ્નાન કરી પેઢીએ પહોંચી જતા. આ શેઠને કેટલાક ભાગીદારો સજ્જન મળ્યા. તો કેટલાક ભાગીદારો દુર્જનો મળ્યા. આ બધાની સાથે શેઠને મેળ રહેતો. વેપારી સંબંધોના કારણે, કેટલાક સારા ભાગીદારો જે સજ્જન હતા તે શેઠને ધર્મની વાતો સંભળાવતા. કોઈક મંદિરે આવવાનું કહેતા. કોઈક ઉત્સવનું આમંત્રણ આપતા ત્યારે વ્યસની-કુસંગી ભાગીદારો પણ ફેલફતુરના આમંત્રણો આપતા. પણ આ શેઠ જરા જુદા સ્વભાવના હતા. તે ધર્મની વાત હોય કે પછી કોઈક કુસંગની હોય. ક્યાંય પણ જતા નહિ. બધાના માન જાળવવા ખાતર વાત સાંભળી લેતા. આવી બાબતમાં સજ્જનો તો માને કે શેઠના પુણ્ય હજુ ઉદય નહિ થયા હોય પણ કુસંગીઓના મનમાં આંટી બંધાય, બદલો લેવાની વેર વાળવાની ઈચ્છા થાય.

એક દિવસ દરરોજની ટેવ પ્રમાણે સવારમાં શેઠ નદી કિનારે ફરવા નીકળ્યા. ત્યાં તેમની નજર એક બગલા સામે ગઈ. બગલો સવારના પહોરમાં તેની ચાંચ પાણીમાં ઝબકોળી પથ્થર સાથે ઘસ્યા કરે. આ દ્રશ્ય શેઠ જોઈ રહ્યા હતાં. ત્યાં કોઈ મહાત્મા ત્યાં આવ્યાં. મહાત્માની નજર પણ બગલાની ચાંચ ઘસવાની ક્રિયા ઉપર પડી. અને મહાત્માજીના મુખેથી શબ્દો સરી પડ્યા.

ઘસત ઘસત યુ ઘસત હૈ, લે પાસાન પર પાની,
ક્યુ કારન ઘસત હૈ રામા, બાત તોરી મેં જાની.

મહાત્માજીના આ શબ્દો શેઠના કાને પડ્યા. શેઠ ખુશ થઈ ગયા. વાહ ! વાહ ! શું શબ્દોની આબેહૂબ રચના છે. શેઠને આ શબ્દો યાદ રહી ગયા. મનમાં વિચારવા લાગ્યા કે બગલો ચાંચ શા માટે ઘસતો હતો ! જાણે ધાર કાઢતો હોય તેમ. માછલાં પકડવા માટે જ ને ! શેઠ મહાત્માજીનું ચિંતન કરતા તેમના બોલાયેલા શબ્દો મનમાં રટતા પોતાના બંગલે આવ્યા. શેઠની દાઢી મૂછો વધી ગયેલી. જેવા બંગલે પહોંચ્યા. ત્યાં નાપિત હાજર હતો. શેઠ નાપિત પાસે બેઠા. નાપિતે તો શેઠના મોઢા ઉપર સાબુ લગાડ્યો. પછી નાપિત અસ્ત્રો ઘસવા લાગ્યો. આ દૃશ્ય જોઈ શેઠને મહાત્માના શબ્દો યાદ આવી ગયા અને શેઠ બોલવા લાગ્યા.

ઘસત ઘસત યુ ઘસત હૈ, લે પાસાન પર પાની,
ક્યુ કારન ઘસત હૈ રામા, બાત તોરી મેં જાની.

શેઠના આ શબ્દો નાપિતને ભયજનક લાગ્યા. હાથમાંથી અસ્ત્રો પડી ગયો. નાપિતનો ચહેરો ભયભીત થઈ ગયો. શેઠ નાપિત સામે આશ્ચર્યથી જોઈ રહ્યા. કે આ આજે મારાથી ગભરાય છે કેમ? ત્યાં તો નાપિત શેઠના પગ પકડી કરગરવા લાગ્યો. શેઠ મને માફ કરો. મને માફ કરો. હું રૂપિયાની લાલચમાં આવી ગયો.

શેઠ નવાઈ પામી બોલ્યા તું શું કહે છે મને સમજાતું નથી. શેઠ સાવ અજાણ્યા છે પણ નાપિત માને છે કે શેઠ બધું જાણી ગયા લાગે છે. તેથી નાપિતે કહ્યું, તમારા બે ભાઈઓ તથા થોડા ધંધાભાઈઓએ મને રૂપિયા આપી તમને અત્યારે મારી નાખવાનું કહ્યું હતું. મને માફ કરો.

શેઠને ભારે આંચકો લાગ્યો. આ હું શું સાંભળી રહ્યો છું. આ નાપિત મારું ખૂન કરવાનો હતો. પણ હું બચી ગયો મારા જ સગા ભાઈઓ તથા ભાગીદારોના કાવત્રાથી હું બચી ગયો. મારું જીવન બચી ગયું. એક માત્ર મહાત્માના શબ્દોથી.

જો ફક્ત એક ક્ષણ મેં મહાત્માને રસ્તે ચાલતા ચાલતા પણ સંગ કર્યો અને મારૂં જીવન બચી ગયું. તો જે શરણે જતા હશે, જે નિત્ય સત્સંગ કરતા હશે તે તો જરૂરથી આ સંસાર સાગર તરી જતા હશે. તેના ભવદુઃખ ટળી જતા હશે શેઠના હૈયામાં શ્રધ્ધા સ્થિર થઈ. ભક્તિના દ્વાર ઉઘડી ગયા. શેઠ ભગવાનના દ્રઢ આશ્રિત બન્યા.

સજ્જનો ! સત્સંગ વિના જીવને શાંતિ, સંસ્કાર કે સદ્‌ગુણની પ્રાપ્તિ થતી નથી.

"બિનુ સતસંગ વિવેક ન હોઈ, રામક્રિયા બિન સુલભ ન સોઈ."

અતિ દુર્લભ એવો સત્સંગ પણ ભગવાનની કૃપા વગર પ્રાપ્ત થતો નથી. માટે સત્સંગનો ખૂબજ મહિમા છે. થોડો સમય પણ જો સત્સંગ થાય તો જીવ તરી જાય છે.

માટે જ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે નિત્ય સાંયકાળે મંદિરમાં જવું, નિત્ય સંત સમાગમ કરવો.

# ભક્તિસુધા

**શાશ્વત સુખ** - સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

જો આપણે સાશ્વત સુખ પ્રાપ્ત કરવું હોય તો સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી બનવું જોઈએ. ઘણાને સ્હેજે એવો પ્રશ્ન થતો હોય છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ મોટે ભાગે સુખી હોય છે. તેનું કારણ શું ? ભગવાન/સ્વામિનારાયણે પોતાના આશ્રિતો માટે ઘણી દીર્ઘ દૃષ્ટિથી ગુરુ રામાનંદ સ્વામી પાસેથી બે વરદાન માગેલા છે. એકતો મારો ભક્ત અન્ન વસ્ત્રે સદા સુખી રહે. બીજું તેના પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય તો તે દુઃખ મને આવે પણ મારો આશ્રિત સુખી થાય. અત્યાર સુધીના ઈતિહાસમાં આવા વરદાન કોઈએ પોતાના આશ્રિતો માટે માગ્યા નથી. ને કોઈ એ આપ્યા પણ નથી. આશ્રિતનું સદા સારૂં થાવું હોય તો ભગવાનનું સ્વરૂપ હૈયામાં રાખવું ને આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ.

જો આપણે શાશ્વત સુખ પ્રાપ્ત કરવું હશે તો આપણે આપણી દૃષ્ટિ બદલવી પડશે. જ્યાં સુધી આપણી દૃષ્ટિમાં અને વૃતિમાં આ જગતના પંચવિષયરૂપી આસક્તિ, દેહાભિમાન રૂપી માયા છે ત્યાં સુધી બધું માયામય જ દેખાય છે. જેમ કોઈક ને કમળો થયો હોય તેને બધું પીળું દેખાય છે. તેમઆપણી આંખમાં, વૃતિમાં માયા રૂપી કમળો છે. માટે માયા જ ભગવાન આડી આવી જાય છે. માયા આડી આવે એટલે શાશ્વત સુખ જે ભગવાનની મૂર્તિ આનંદ કંદ, સુખ સાગર, રસરૂપ પ્રાપ્ત થતી નથી. પણ એની એજ દૃષ્ટિ, વૃત્તિને પરમાત્મામાં જોડીએ, ધારણ કરીએ તો શાશ્વત સુખ મળે છે.

દૂધમાં ઘી તો છે. પરંતુ તે ઘી કેવી રીતે પ્રાપ્ત થાય. તેની જો પદ્ધતિ ન આવડતી હોય તો ક્યારેય ઘી પ્રાપ્ત ન થાય. હમેંશા જે વસ્તુમાં જે ભાવ સમાયેલો હોય તે વસ્તુમાંથી તેજ પ્રાપ્ત થાય. બરફમાં ઠંડક છે તો ઠંડક જ મળે. અગ્નિમાં ગરમી છે તો ગરમી જ મળે. તેમ ભગવાનમાં હમેંશા સુખ શાંતિ જ રહેલા છે. તો તેમાંથી તેજ પ્રાપ્ત થાય. પણ મુશ્કેલી ત્યાં છે કે તે સુખ - શાંતિ મળે કેવી રીતે તેની સાચી પદ્ધતિનો ખ્યાલ નથી. અને જાણકારી હોય તો તેનો ઉપયોગ કરવામાં ખામી છે. ભગવાનની મૂર્તિમાં જે સુખ છે તે મેળવવું હોય તો મનની વૃતિ ને દૃષ્ટિ એકાગ્ર કરીને ભગવાનમાં જોડવાથી શાશ્વત સુખ પામે છે.

જ્યાં સુધી જીવાત્માને પરમાત્માનો મહિમા સમજાણો નથી ત્યાં સુધી અનેક વિધ કાર્યો કરવા છતાંય મનવૃત્તિ પરમાત્મામાં લાગતી નથી. મનની વૃતિ પરમાત્મામાં લાગી જાય તો બેડો પાર થઈ જાય. ને શાશ્વત સુખ મળી જાય. એટલે સંતો કહે છે કે મનની વૃતિને પરમાત્મા જોડી દેજો. પરમાત્મા સાથે પરણાવશો. ને માયિક પંચવિષયમાંથી પાછી વાળજો. અને પછી જો પરમાત્મા માં જોડાઈ ગઈ હશે તો કદી પણ જગતના સુખમાં કે પંચવિષયમાં નહિ જાય. જેની હોજરી સારી હોય તેજ ઘીમાં બનાવેલ ધારી પચાવી શકે. તેમ જેને ભગવાનનો મહિમા સમજાણો હોય, નિશ્ચય દૃઢ થયો હોય તેને વૃતિ ભગવાનમાં રાખવી સુગમછે. બીજાને તો ભગવાનમાં વૃતિ જોડવાનું ઘણું કઠણ પડે. નેવાના પાણી મોભે ચડાવવા જેવું થાય. માટે શાશ્વત સુખ મેળવવું હોય તો સાચા ભક્ત થાવું ને ભગવાનની મૂર્તિમાં જ દૃષ્ટિને વૃતિ રાખવી. અને શ્રીજી મહારાજની આજ્ઞામાં રહેવું. શિક્ષાપત્રીનું પાલન કરવું. ને શ્રીજી મહારાજ પાસે એમજ માંગવું જે, "તમારી મૂર્તિ વિના મારા નાથ રે બીજુ મને આપશો માં," બસ ભગવાનની મૂર્તિમાંજ શાશ્વત સુખ રહેલું છે. સુખની ચાવી એટલે ભગવાનની મૂર્તિ.

સુખ બે પ્રકારના છે (૧) લૌકિક સુખ (૨) અલૌકિક સુખ. કર્મ અનુસારે અનેક જન્મો ધારીને તે તે જન્મોમાં જેવા જેવા કર્મો કર્યા હોય છે. તેમાં જે સારા કર્મો કર્યા છે તેના ફળરૂપમાં જે સુખ પ્રાપ્ત થાય છે. તે ક્ષણિક અને નાશવંત હોય છે. સુખને દુઃખ મિશ્રિત પ્રાપ્ત થાય છે. જેને લૌકિક સુખ કહે છે. જ્યારે ભગવાનના ધામનું સુખ છે. તે અલૌકિક છે. સ્વર્ગાદિ લોકોના સુખો પુણ્ય હોય ત્યાં સુધીજ ભોગવાય છે. અને પુણ્યનો ક્ષય થતાં તે સુખો પુરા થાય છે. જ્યારે ભગવાનના ધામનું સુખ તો અવિનાશી છે. સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામીએ કીર્તન માં ગાયું છે કે,

"રે બ્રહ્માથી કીટ લગી જોયું, જુઠુ સુખ જાણીને વગોવ્યું.
મુક્તાનંદ કહે મન તમસંગ મોહ્યું, રે શ્યામ તમે સાચુ નાણું."

શાસ્ત્રકારો પણ માયાથી ઉત્પન્ન થયેલા કાર્યો નાશવંત છે. એમ કહે છે. અલૌકિક સુખ પણ ૨ પ્રકારનાં છે. (૧) સ્વર્ગ આદિ લોકોના સુખ (૨) ભગવાનના ધામનું સુખ. અવિનાશી - શાશ્વત સુખ મેળવવા માટે સત્સંગની પણ જરૂર છે. સત્સંગથી જ ભગવાનની મૂર્તિમાં દૃષ્ટિને વૃત્તિ રહે છે. ને શાશ્વત સુખ મળે છે.

## ભગવાનને ભજે તેની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે

- વર્ષાબેન અરવિંદભાઈ સોની

એક સમયે મહારાજ પાંચસો પરમહંસ સાથે બિરાજમાન હતા. બસો પાર્ષદો હતા. તે સંતોની રસોઈ સંતો કરે, અને પાર્ષદો માટે આસુબાઈ સત્સંગી હતા તે પાર્ષદોની રસોઈ કરે, અને પાર્ષદો જમે, તે બાઈને ભગવાનને વિશે હેત ઘણું હતું. માનસી પૂજા કરે તો ઘણો સમય જતો રહે તેની પણ તેમને ખબર રહેતી નહી. તો રોટલા બનાવવાનું મોડુ થઈ જાય, પાર્ષદોએ મહારાજને ફરિયાદ કરી બાઈ મોડા મોડા રસોઈ બનાવે છે.

મહારાજ કહે સારુ, અમે તપાસ કરશું. પછી એક વખત અખાત્રીજનો દિવસ આવ્યો, તે મહારાજ પીતાંબર પહેરીને સભામાં બેઠા ત્યારે સંતોએ સુગંધીમાન ચંદનથી મહારાજને આખા શરીરે ચંદનના વાઘા કર્યા. ખૂબ જ શોભાયમાન ચિત્ર વિચિત્ર ડિઝાઈન કરી સુંદર શોભા કરી.

આસુબાઈ મહારાજના દર્શન કરવા આવ્યા. દર્શન કરતા બાઈને મહારાજમાં ખૂબ હેત હોવાથી દેહભાન ભૂલી ગયા અને બે ત્રણ કલાક થઈ ગયા. મહારાજે જાણ્યું કે આ બાઈને દેહની ખબર નથી અને ધ્યાનમાં લાગી ગયા છે.

પછી મહારાજ તે બાઈનું રૂપ લઈને તેને ઘેર ગયા અને રોટલા બનાવ્યા ને પાર્ષદોને જમાડ્યા. પાર્ષદો કહે, આજના રોટલા જેવો સ્વાદ કોઈ દિવસ નથી આવ્યો. શું મીઠાશ છે, ખૂબ જમ્યા પછી જમીને ઉતારે જતા હતા ત્યાં આસુબાઈ રસ્તામાં સામા મળ્યા. તે બાઈ તો વિનયથી પાર્ષદોને કહેવા લાગ્યાં કે મને આજ મોડુ થઈ ગયું છે. તે માફ કરજો. હું હમણાં જ રસોઈ બનાવી દઉં છું અને તમોને જમાડું છું. ત્યારે પાર્ષદો કહે, કેમ તમોએ અમને હમણાં જમાડ્યા તો ખરા ! ત્યારે બાઈ કહે ના, ના હું નહોતી મેં ક્યારે જમાડ્યા ? ત્યારે પાર્ષદો કહે ના, ના તમે જ હતા, તમેજ અમને રોટલા જમાડ્યા.

ત્યારે આસુબાઈ કહે ઠીક, પછી ઘરે આવ્યા ત્યારે રસોડામાં થોડા રોટલા વધેલા હતા, તે જોયા પછી પોતે જાણી ગયા કે મહારાજ જ આવ્યા હશે ! પછી, મહારાજ પાસે ગયા ને કહ્યું કે તમોએ મારા સાટે રોટલા બનાવ્યા ? ત્યારે મહારાજ કહે તમો અમારા દર્શનમાં આસક્ત (લીન) થઈ ગયા હતા તેથી અમોએ તમારુ કાર્ય કર્યું. એમ જે ભગવાન ભજે છે તેની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે જ છે.

## રાણી ઝમકુંબાઈ બન્યાં માતાજી

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (મેમનગર)

ગામઉદેપુર-રાજસ્થાનના રાજાની રાણી ઝમકુબાઈ કરીને હતાં. બાળપણથી સત્સંગથી થયેલા. તેમના પતિ રાણાએ સત્સંગ મૂકાવવાને અર્થે ઘણો જ પ્રયત્ન કર્યો, રાણીને અભક્ષ્ય વસ્તુ ખવરાવવાને માટે નિરંતર દુઃખ આપતા પણ ઝમકુબાઈ તો સદાય શ્રીહરિના સ્મરણમાં નિમગ્ન રહેતાં. છેવટે બાઈના મનમાં એમ થયું કે આનાં કરતાં દેહ પાડવો તે સારુ. તેથી રાત્રે ત્રીજે માળેથી શરીર પડતું મેલ્યું પરંતુ શ્રીજી મહારાજે તેમનું રક્ષણ કર્યું. પછી મહારાજે તે વખતે બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને આગળ ચાલ્યા અને બાઈ પાછળ ચાલ્યાં, તે વખતે ગઢના દરવાજા આપોઆપ ઉઘડી ગયા. પછી બાઈ રસ્તે જતાં હતાં. ત્યાં વણઝારાની પોઠ ચાલી જતી હતી તે આગળ જતાં એક મરેલ ઊંટના હાડકાનું ખોખું પડ્યું હતું. તેમાં બાઈ સંતાઈ ગયા. મહેલમાં તપાસ કરતા બાઈ ક્યાંય ન જોયા એટલે રાણીની શોધ માટે ઘોડે સ્વારો દોડાવ્યા પણ હરિ ઈચ્છાથી બાઈનો ક્યાંય પત્તો લાગ્યો નહિ.

ત્રીજે દિવસે ખોખામાંથી નીકળીને બાઈ ચાલી નીકળ્યાં. રસ્તે જતાં એક મોટી નદી આવી તેમાં શ્રીજી મહારાજ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવ્યા અને કહ્યું, હે ઝમકુબાઈ ! તમે ઘણાં દિવસનાં થાકેલાં છો અને અપવિત્ર જગ્યામાં રહ્યાં છો માટે આ નદીમાં સ્નાન કરી અને શુદ્ધ થાઓ. પછી બાઈએ સ્નાન કરી વસ્ત્ર ધોયાં. પછી મહારાજ કહે, "તમારે ચાર દિવસના ઉપવાસ થયા છે તો આ લ્યો મારી પાસે સુખડી છે તે જમો." બાઈએ જમીને પાણી પીધું. પછી મહારાજ બોલ્યા જે તમારે ત્રણ ચાર રાતનો ઉજાગરો છે માટે સૂઈ જાઓ. તમારા વસ્ત્ર હું સાચવીશ. પછી બાઈ ઊંધી ગયા. અને શ્રીજી મહારજ બાઈને કારીયાણીના ઝાંપામાં જ્યાં વડ છે ત્યાં લાવીને મૂક્યાં. પછી મહારાજે બાઈને કહ્યું, "આ ગામમાં સ્વામિનારાયણ છે. ત્યાં તમે જાઓ ? પછી બાઈ વસ્તાખાચરના દરબારમાં ગયાં અને મહારાજનાં દર્શન કર્યા. પછી મહારાજે તેમને ગઢડે મોકલ્યાં.

બાઈ ગઢડામાં નિરંતર દરબારગઢ વાળતાં અને શ્રીજી મહારાજ સારુ ઘેલામાંથી રોજ પાણી ભરી લાવતાં. એક દિવસે મહારાજે મોટીબાને કહ્યું, "મોટી બા, આ દરબાર નિત્યે કોણ વાળે છે ? ત્યારે મોટીબા કહે કે કોઈક ગુજરાતી બાઈ છે તે વાળે છે." મહારાજ કહે એ ગુજરાતી બાઈ નથી એ તો ઉદેપુરનાં રાણી છે અને એમની પાછળ તો ગોતવા

માટે દોડધામ ચાલે છે. તે વખતે ભૂજથી લાધીબાઈ મહારાજનાં દર્શને આવ્યાં હતાં. મહારાજે લાધીબાઈને કહ્યું કે લાધીબાઈ આમને તમારી સાથે ભૂજ તેડી જાઓ અને તેમનું નામ માતાજી કહેજો.

પછી લાધીબાઈ એમને ભૂજ તેડી ગયાં. બન્ને જણ એક ઓરડીમાં બેસીને ધ્યાન કરતાં અને શ્રીજી મહારાજ નિત્ય તેઓ બંનેને દર્શન આપતા. બને એક જ દિવસે સાથે દેહ મૂકીને એક ચેહમાં બળયાં ને સાથે જ અક્ષરધામમાં ગયેલાં.

●

**સત્સંગનું સુખ** - રમીલાબેન કે. મોદી (હિંમતનગર)

સત્સંગથી જેટલા પ્રમાણમાં "અંગ" દૃઢ કર્યું હોય તેટલા પ્રમાણમાં સુખ અને શાંતિ આપે. જ્યાં સુધી સત્સંગમાં 'અંગ'' ન બંધાયુ હોય ત્યાં સુધી એને સત્સંગનો આનંદ ન આવે. ગમે તેવી યોનિમાં જન્મ થયો હોય પણ પ્રત્યક્ષ પરમાત્માની ઓળખાણ થઈ ગઈ તો અસ્થિરતા સર્વે મટી ગઈ ને સ્થિરતા આવી ગઈ એ સત્સંગમાં અંગની દૃઢતા બતાવે છે.

એક વખત સત્યવાન તેમના પિતા તથા પત્ની સવિત્રી સાથે વનમાં પર્ણકુટિમાં રહેતા હતા. ત્યાં નારદજી આવ્યા. તેમની સત્યવાનના પિતાએ પૂજા કરી અને પોતાના પુત્ર સત્યવાનનું આયુષ્ય પૂછ્યું. નારદામુનિએ કહ્યું : બાર વર્ષ પૂરા થઈ ને તેરમું વર્ષ બેસશે તે દિવસે તેનું શરીર પડી જશે. આ સાંભળી સાવિત્રી દિલગાર થયાં. નારદજીએ બ્રહ્માંડમાંથી સાંભળેલ મહામંત્ર "શ્રી સ્વામિનારાયણ" આપ્યો. તે સાવિત્રીના જીવમાં ઉતરી ગયો. તે મંત્રનું અખંડ ભજન કરવા માંડ્યું. સાવિત્રીએ પૂછ્યું ક્યે દિવસે એમનું શરીર પડશે એ યાદ રાખ્યું ને તે દિવસે પોતાના પતિ સાથે વનમાં ગઈ. ત્યાં પતિ વડ ઉપર ચડી કાષ્ઠ કાપતાં કુહાડો પગમાં વાગ્યો કે તરત નીચે પડી ગયો. અને તેમનું શરીર પડી ગયું. ત્યારે ધર્મરાજ પોતાના સેવકો સાથે તેનો જીવ લેવા આવ્યા ને ચાલતા થયા.

સાવિત્રી પોતાના પતિનું શબ માથે લઈ શ્રી સ્વામિનારાયણ પરમાત્માનું ભજન કરતાં પછવાડે ચાલ્યાં. તે જોઈ ધર્મરાજા કહે, હે સતી હવે પાછાં વળો અને તમારા પતિનો અગ્નિ સંસ્કાર કરો. સતી કહે હું પણ તમારી સાથે આવીશ. ધર્મરાજા કહે તમારાથી ત્યાં અવાય નહિ. તમો જ્ઞાની છો માટે પાછા વળો. ત્યારે સાવિત્રી કહે હે ધર્મરાજા સત્સંગનો મહિમા કેટલો ? ધર્મરાજા કહે પૃથ્વી જેટલો. ત્યારે સાવિત્રી કહે એટલો જ ! ત્યારે ધર્મરાજા કહે, એથી પણ મોટો છે. સાવિત્રી કહે પૃથ્વીથી કોણ મોટું છે ? ત્યારે ધર્મરાજા કહે શેષ નારાયણ. જે, સરસવના દાણાની પેઠે પૃથ્વીને ધરી રહ્યા છે. ત્યારે સતી કહે શેષ જેટલો જ પૃથ્વીનો મહિમા છે કે એથી અધિક છે ? ધર્મરાજા કહે તેથી અધિક શંકર છે. ત્યારે સતી કહે શંકર જેટલો કે તેથી અધિક છે ? ત્યારે ધર્મરાજા કહે કૈલાસ જેવડો ! ત્યારે સતી કહે કૈલાસ જેવડો કે તેથી અધિક છે ? ત્યારે ધર્મરાજા કહે હા. સાવિત્રી બોલ્યા કૈલાસથી મોટું કોણ ? ધર્મરાજા કહે રાવણ. તેણે કૈલાસને દડો કરી ફેંકવાની તૈયારી કરી ત્યારે પાર્વતી માતાએ પોતાની જમણા પગની અંગૂઠાની ઠોકર મારી તેથી રાવણ દબાઈ ગયો. ત્યારે સતી બોલ્યાં. એથી વધારે મોટો સત્સંગ છે ? ધર્મરાજા કહે હા. ત્યારે સાવિત્રી બોલ્યા. એથી મોટો કોણ ? ધર્મરાજા કહે. એથી મોટો વાલી. વાલીએ રાવણને પોતાના છોકરાના ઘોડિયે ઘૂઘરા તરીકે ઉંધે માથે બાંધ્યો હતો. ત્યારે સતી કહે. વાલી જેવડો સત્સંગી કે તેથી મોટો ? ધર્મરાજા કહે રામ. રામે એક બાણે કરીને રાવણને માર્યો. ત્યારે સતી કહે રામ જેવડો સત્સંગ કે તેથી મોટો ? ધર્મરાજા કહે તેમના ભક્ત કે જે રામને અખંડ ધારી રહ્યા છે. માટે એવા ભક્તનો સંગ તેનું નામ સત્સંગ.

સતી બોલ્યા જે સંતના દર્શને અનેક જન્મના પાપ બળે ને પુણ્ય થાય છે. એમનું મને ફળ મળવું જોઈએ. ધર્મરાજા કહે તમારા પતિ સિવાય વર માંગો. ત્યારે સતીએ પોતાના માતા પિતાને સો પુત્ર થાય એમ વરદાન માગ્યું. ધર્મરાજાએ તથાસ્તુ કહ્યું. પછી સતી બોલ્યાં. સત પુરુષને દર્શને પગે ચાલીને જાય તેને પગલે પગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ થાય છે. એ ફળનું વરદાન મને આપો. ધર્મરાજા કહે તમારા પતિ સિવાય માંગો. તો મારા સાસુ સસરા અંધ છે તે દેખતા થાય. ધર્મરાજા કહે તથાસ્તુ.

પછી સતી બોલ્યાં તમોને હું પંચાંગથી પગે લાગી તેનું વરદાન મને આપો. ત્યારે ધર્મરાજાએ કહ્યું તમારા પતિ સિવાય વરદાન માગો. સાવિત્રી કહે મારા સાસુ સસરાનું રાજ્ય ગયું છે તે પાછુ મળો. ધર્મરાજાએ કહ્યું તથાસ્તુ. સતી બોલ્યા કે એક ગાય દોહે એટલી ઘડી સતપુરુષ પાસે રહે ને પુણ્ય થાય તો તેજ પ્રમાણે આપની સમીપે હું રહી. તે ફળનું મને વરદાન આપો. ત્યારે ધર્મરાજા કહે, તમારા પતિ સિવાય વર માગો. ત્યારે સતી કહે મારે સો પુત્ર થાય એવું વરદાન આપો.

તે વચન સાંભળી ધર્મરાજા કહે, તથાસ્તુ પછી ધર્મરાજાએ સતીના પુણ્ય પ્રતાપે સત્યવાનને આયુષ્ય આપીને જીવતો કર્યો. આમ સત્સંગનું કેટલું મહત્વ અને બળ છે તે સમજાય છે.

# ........પ્રશ્નપેટી........

સાધુ ભક્તિનંદનદાસ
ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા.મંદિર, જેતલપુરધામ)

પ્ર. : ૧ "જેને વિવેક ને સમજણ ન હોય તે ધણીને કેમ રાજી કરે ? - વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે.

પ્ર. : ૨ શ્રીહરિ દિગ્વિજય નામનો વિશાળ ગ્રન્થની રચના કોણે કરેલ છે તેમનું નામ જણાવો.

પ્ર. : ૩ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્વરૂપની અલૌકિકપણાની અને અક્ષરબ્રહ્મની ગહન વાતો કરી પણ આ વાતો સમજવી અઘરી હતી તેથી બ્રહ્માનંદ સ્વામીએ આ વાત સમજી શકે તેવી સરળ રજુઆત કયા કીર્તનરૂપે કરી ?

પ્ર. : ૪ ચાર પ્રકારનું ચૈતન્ય તથા ચાર પ્રકારનું જડ કોને કહેવાય ?

પ્ર. : ૫ 'શ્રીહરિના ધ્યાન કરતાં પણ જ્ઞાન અધિક છે.' તે જ્ઞાન તે શું ?

પ્ર. : ૬ શ્રી સ્વામિનારાયણ ભગવાન સત્સંગ વિચરણ કરતા કરતા બળોલ (ભાલ) ગામે પધાર્યા તે ગામમાં મહારાજ ગાડા પર બેસીને બધું જ ભેગું કરીને જમતા હતા ને જમતા જમતા હાથની કોણી સુધી રેલા ઉતરતા હતા તેને જીભે કરીને ચાટતા હતા. તો મહારાજ શું ભેગું કરીને જમતા હતા ?

પ્ર. : ૭ "હરિ વરીયા રે, હરિ વરીયા, શીર પાસંગમાં લઈ હરિ વરીયા....." આ પદના રચયિતા કોણ છે ?

## નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ભુજનગરમાં. (૨) આવક પ્રમાણે ખર્ચ કરવો અને તેનું રૂડા અક્ષરે નામું લખવું. (૩) પોતાની ઉપજ (આવક)માંથી દસમો અથવા વિશમો ભાગ ધર્માદો કાઢવો. (૪) "માયા ને માયાના ગુણો થકી પર છે અને સર્વે વિકારે રહિત છે, અવિનાશી છે, ચૈતન્યમય છે. (૫) અતળ, વિતળ, સુતળ, તળાતળ, મહાતળ, રસાતળ અને પાતાળ. (૬) ભુજના હમીર સરોવરમાં (૭) ભુજના સુંદરજી સુથારે. (૮) સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી.

૧. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલવાળા)
૨. ભાવસાર કલાવતીબેન નંદલાલ (વિસનગર)
૩. ભાવસાર પ્રિયા પ્રફુલકુમાર (વિસનગર
૪. ભાવસાર જાહન્વી દેવેન્દ્રકુમાર (વિસનગર)
૫. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૬. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૭. ભાવસાર રંજનબેન મહેન્દ્રકુમાર (વડનગર)
૮. પટેલ શશીકાન્તભાઈ પરસોતમદાસ (ગોધરા)
૯. શ્રી નારાયણ મુનિદેવ મંડળ (રાંદેર)
૧૦. ઠક્કર હસુબેન કનૈયાલાલ (ઈસનપુર)
૧૧. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૨. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૩. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (અમદાવાદ)
૧૪. કાછીયા રૂપલબેન કંચનલાલ (લુણાવાડા)
૧૫. કાછીયા રોનકકુમાર ગીરીશભાઈ (લુણાવાડા)
૧૬. પટેલ વિમળાબેન ફકીરભાઈ (કપડવંજ)
૧૭. શાહ કીર્તિબેન કાંતિલાલ (કપડવંજ)
૧૮. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૯. પટેલ શકરીબેન અંબાલાલ (ઝુલાસણ)
૨૦. પટેલ જીવણલાલ પરસોતમદાસ (મારુસણા)
૨૧. પટેલ શાંતાબેન નટવરલાલ (મારુસણા)
૨૨. મોદી રંજનબેન રમેશભાઈ (વિસનગર)
૨૩. સાંખ્યયોગી બહેનો (મોરબી જુનું મંદિર)
૨૪. ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૨૫. આદોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર (હર્ષદ-બાપુનગર)
૨૭. કાછડીયા રાધિકા બાબુભાઈ
૨૮. પટેલ કોકીલાબેન પ્રવિણભાઈ (વડુ-ન્યુજર્સી)
૨૯. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૩૦. સાં. નીતાબેન શિષ્ય મંડળ (દુધઈ-કચ્છ)
૩૧. પટેલ કંચનબેન બાબુભાઈ (રતનપર)
૩૨. કાછીયા વાસુદેવ હરિપ્રસાદ (લુણાવાડા)
૩૩. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૪. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૩૫. ભોરણીયા અંબારામભગવાનજીભાઈ (ધુંટુ)
૩૬. પટેલ નુથુભાઈ ભગવાનજીભાઈ (ધુંટુ)
૩૭. મોદી અમૃતલાલ ક. (સોજા)
૩૮. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૩૯. પરમાર નંદલાલ એમ. ભક્તિનગર (હળવદ)
૪૦. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૪૧. પટેલ મેધાબેન કમલેશભાઈ (કુહા)
૪૨. કા. પટેલ અલકાબેન ડી. (લુણાવાડા)
૪૩. પટેલ કોકીલાબેન નટવરભાઈ (અમદાવાદ)
૪૪. ભાવસાર પલ્લવીબેન વિજયભાઈ (લાંઘણજ)
૪૫. ભાવસાર વસંતીબેન શંકરલાલ (લાંઘણજ)
૪૬. ગાંધી ખુશ્બુ પવનકુમાર (નારણપુરા)
૪૭. પટેલ નયનાબેન ઘનશ્યામભાઈ (ઉવારસદવાળા)
૪૮. સાં. કોકીલાબા, સાં. ઉષાબા (સુરેન્દ્રનગર)
૪૯. સાં. શિલ્પાબા, શિતલબા (હવેલી-અમદાવાદ
૫૦. સાં. રંજનબેન તથા નાનીબેન (વિરાટનગર)
૫૧. સાં. સુંદરબા, ચંપાબા અને ભારતીબા (હવેલી-અમદાવાદ
૫૨. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૫૩. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૫૪. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૫૫. સોની વર્ષાબેન અરવિંદભાઈ (અમદાવાદ)
૫૬. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૫૭. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૫૮. ભાવસાર અરવિંદાબેન એન. (અમદાવાદ)
૫૯. સાં. મંજુબા, ભારતીબા (હવેલી-અમદાવાદ)
૬૦. સાં. શાંતાબા (હવેલી-અમદાવાદ)
૬૧. ભાવસાર વીણાબેન આર. (અમદાવાદ)
૬૨. સોની મીનાબેન એમ. (અમદાવાદ)
૬૩. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૬૪. સોની વર્ષાબેન અશ્વિનભાઈ (અમદાવાદ)
૬૫. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમગનગર)
૬૬. કાયા કૌશિક (જીરાગઢ)
૬૭. ચાવડા જયતિ પુરુષોતમ (ઉમરીયા-એમ.પી.)

# સત્સંગ સમાચાર

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ ઉજવાયો**

દર વર્ષની જેમઆ વરસે પણ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં તા. ૧૭-૧૨-૨૦૧૦ થી તા. ૧૫-૧-૨૦૧૧ પર્યન્ત ધનુર્માસ ધૂન મહોત્સવ ખૂબજ દબાદબા ભેર ઉજવાયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં હજારો સંત-હરિભક્તો કડકડતી અને ગાત્રોને થીજાવતી ઠંડીમાં પણ ધૂનનો લાભ લેવા પધારતા હતા. પૂ. મહંત સ્વામી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતની પ્રેરણા-માર્ગદર્શનથી સંત-મંડળ અને કોઠાર સ્ટાફ અને યુવા હરિભક્તોએ ખૂબજ પ્રેરણાદાયી સેવા કરી હતી. આ વરસે માસિક ધૂન ૧૪૦૦ ઉપરાંત અને દૈનિક ધૂન ૫૦૦૦ જેટલી થઈ હતી. માસિક ધૂન કરાવનાર યજમાનોને શ્રી નીલકંઠ વર્ણીની એકેલીકથી મઢેલી અલૌકિક મૂર્તિ સ્મૃતિરૂપે આપવામાં આવી હતી. (મુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા. સ્વામી હરિકૃષ્ણદાસજીની શુભ પ્રેરણાથી તા. ૧૪-૧૧-૧૦ થી તા. ૧૮-૧૧-૧૦ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અ.નિ. સાંખ્યયોગી રામબાઈ ના પુણ્ય સ્મરણાર્થે સાંખ્યયોગી પુરબાઈ (માધાપર કચ્છ)ના મુખ્ય યજમાન પદે સંપ્રદાયના યુવા કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ પોતાની સુમધુર વાણીમાં કથાનું રસપાન કરાવીને શ્રોતા અને યજમાન પરિવારને રસ તરબોળ કર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ સભામાં પધારીને કથામૃત પાન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ સમગ્ર પ્રસંગનું આયોજન કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી જે.કે. સ્વામી અને સંત મંડળે સુંદર રીતે શોભાવ્યું હતું (મુનિ સ્વામી)

**વાવોલ શ્રી સ્વામિનારાયણ મંદિર**

ગાંધીનગર જીલ્લાના વાવોલ ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા વડનગર મહંત સ.ગુ. સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી પ.ભ. પટેલ ચતુરભાઈ ઈશ્વરદાસના સુપુત્ર પ.ભ. અનીલભાઈ ચતુરભાઈ પરિવાર તરફથી તા. ૧૮-૧૧-૧૦થી તા. ૨૪-૧૧-૧૦ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણના વક્તા વડનગર મહંત સ.ગુ. શા. નારાયણવલ્લભદાસજીએ કથામૃતનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે શ્રીકૃષ્ણ જન્મોત્સવ તેમજ રૂક્ષ્મણી વિવાહ જેવા પ્રસંગો ભવ્ય રીતે ઉજવ્યા હતા.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા સંતો મહંતોએ પધારી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સહિતાપાઠના વક્તાપદે સ.ગુ. સ્વામી શ્રી વલ્લભદાસજી (ઈસંડ) વિરાજ્યા હતા. સભા સંચાલન શા. વિશ્વસ્વરૂપદાસજી તથા વડનગરના પૂજારી શા. અભિષેકપ્રસાદદાસજીએ દિપાવ્યું હતું.

(શા. નારાયણવલ્લભદાસજી વડનગર મહંત સ્વામી)

**વિહાર ગામે ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમસ્ત ધર્મકુળના રાજીપાથી અ.નિ. સ્વામી યોગેશ્વરદાસજી (જોગી સ્વામી)ની દિવ્ય પ્રેરણાથી વિહાર ગામે ભવ્ય શાકોત્સવ તા. ૫-૧૨-૧૦ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ કરકમળ વડે ધામધૂમથી સપન્ન થયો. પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા સભા સંચાલક નાના પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી) આદિ સંતોએ પ્રેરક અમૃતવાણીનો લાભ આપેલ.

છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગના યજમાન અ.નિ. કચરાભાઈ ત્રિભોવનદાસ પરિવારના શ્રી લક્ષ્મણભાઈ, શ્રી બાબુભાઈ (વિમાવાળા) રહ્યા હતા. સમસ્ત પ્રસંગમાં કોઠારી શ્રી મનુભાઈ અને સમસ્ત ગામના હરિભક્તોએ ખડે પગે સેવા બજાવી હતી. આ પ્રસંગે નારણઘાટ મંદિર મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા ભંડારી સૂર્યપ્રકાશદાસજી આદિ સંતો પધાર્યા હતા. (શા. ચૈતન્યસ્વરૂપદાસ કોટેશ્વર)

**નારણપુરા ટર્ફ સ્કુલમાં સ્નેહ યુવા સમેલન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના પૂર્ણ રાજીપાથી નારણપુરા ખાતે આપણા ટર્ફ સ્કુલ ખાતે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપક્રમે એક સ્નેહ યુવા સંમેલન ખૂબજ દબાદબાભેર ઉજવાયું.

તા. ૫-૧૨-૧૦ ને રવિવારના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં સ્નેહ યુવા સંમેલનમાં અમદાવાદ મંદિરના મહંત .ગુ. શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, પૂ. સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી, સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી), સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, બ્ર.પૂ. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી આદિ અનેક સંતોની ઉપસ્થિતિમાં વર્તમાન સમયને અનુરૂપ અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્ઘાટન અંતર્ગત સેવાની પણ સંતોએ હરિભક્તોને સુંદર પ્રેરણા કરી.

થોડાક સમય માટે દર્શન આપવા પધારેલ પ.પૂ. મોટા

મહારાજશ્રીએ સંત હરિભક્તોને રૂડા આશીર્વાદ આપી સૌ ઉપર ખૂબજ રાજી થયા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ આશીર્વાદ વરસાવ્યા. ખૂબજ રાજી થયા અનહદ રાજીપો વર્તાવ્યો. હરિભક્તોને નવું જોમ અને બળની ઉર્જા પ્રાપ્ત થઈ. ખરેખર યુવા સ્નેહ મિલન દબાદબાભેર સંપન્ન થયું. ૩૦૦૦ ઉપરાંત પરિવાર સહ લાભ લઈ સુંદર મજાનો ભોજનરૂપી પ્રસાદનું આચમન કરી દિવ્યતા અનુભવી.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસ)

### સોજા ગામે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા

સોજા ગામે પ.ભ. મંગળભાઈ જોઈતારામપટેલની જીવત ચર્યા પ્રસંગે તા. ૫-૧૨-૧૦ના રોજ એક સત્સંગ સભાનું સુંદર આયોજન થયું. જેમાં વિદ્વાન સંતોએ પ્રેરક અમૃતવાણી વરસાવી. છેલ્લે સહ પરિવારને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી ઘનશ્યામભાઈ, શ્રી મહેશભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી અશ્વિનભાઈ અને શ્રી રાકેશભાઈ આદિ પરિવારોએ પ.પૂ. મહારાજશ્રીના દર્શન આશીર્વાદ લઈ ધન્ય ભાગી બન્યા. સભા સંચાલન અને અન્ય વ્યવસ્થા નાના પી.પી. સ્વામી (નારણઘાટ મહંત)એ સંભાળ્યું હતું. ગામના તમામ હરિભક્તોએ પણ આ પ્રસંગે સુંદર લાભ લીધો હતો.

(શા. અભયપ્રકાશદાસ)

### મુબારકપુરા નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી મુબારકપુરા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહામહોત્સવ તા. ૨૧-૧૧-૦૧ થી તા. ૨૫-૧૧-૧૦ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થયો.

અહીં ૫૦ વર્ષ પહેલા મંદિર નિર્માણ થયેલું. જે ખૂબજ જીર્ણ થતા નૂતન મંદિર નિર્માણ માટે સંત-હરિભક્તો એ અથાગ પ્રયાસ કરી ભવ્ય મંદિરનું નિર્માણ ટૂંક સમયમાં સંપન્ન થયું. અને પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી મૂર્તિ પ્રતિષ્ઠાની તારીખ નક્કી થતા જેના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ, સહિતાપાઠ પારાયણ, યજ્ઞ, શોભાયાત્રા, નગર યાત્રા, અન્નકૂટ, રાત્રીય કાર્યક્રમ જેવા સુંદર આયોજન કરવામાં આવ્યા.

પ્રથમ દિને સત્તશાસ્ત્રની પોથીયાત્રા ધામધૂમથી કાઢવામાં આવી. જેમાં નાના બાળકથી લઈ વૃદ્ધો સહિત જોડાયા. શ્રીમદ્ ભાગવત કથાના વક્તા સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજીએ સુંદર કથામૃતપાન કરાવ્યું હતું. આ પ્રસંગે પ્રથમ દિને જ પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ધામોધામના સંતો તથા અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ સંતોએ હરિભક્તોની સેવાને બિરદાવી હતી. સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપી ખૂબજ રાજી થયા હતા. શ્રીમદ્ ભાગવત પારાયણમાં ત્રીજા દિવસે કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ખૂબજ ઉત્સાહ ભેર ઉજવણી કરી હતી. ગામના સૌ હરિભક્તો આ પ્રસંગે ખૂબજ રાસ રમ્યા હતા. ૪ થા દિવસે આપણા સૌના પ્રાણ પ્યારા ભાવિ આચાર્ય પ.પૂ. શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. અને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપી અતિ પ્રસન્ન થયા હતા. રાત્રે ઠાકોરજીની ભવ્ય નગરયાત્રા યોજવામાં આવી હતી. જેમાં શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામમહારાજ તથા શ્રી હનુમાનજી અને શ્રી ગણપતીજીની મૂર્તિ ઓને વાહન દ્વારા ઘરોઘર લઈ જઈ દરેક ભક્તોએ પૂજન-અર્ચનનો દિવ્ય લાભ લીધો હતો.

છેલ્લા દિવસે મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે તા. ૨૫-૧૧-૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત ગામ તરફથી ભવ્ય સામૈયુ કાઢવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં આજુબાજુના ગામોના ઘણા હરિભક્તો જોડાયા હતા અને અલૌકિક લાભ લીધો હતો. સૌ પ્રથમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નૂતન મંદિરમાં પધાર્યા હતા. અને મૂર્તિ પ્રતિષ્ઠાની સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ કરીને મૂર્તિમાં પ્રાણ પુરી આરતી ઉતારી હતી. ત્યારબાદ યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. અને કથા મંડપમાં પધારી કથાનું રસપાન કરીને અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા. છેલ્લે કથાની પૂર્ણાહુતિની આરતી કરી હતી. દરેક પ્રકારની સેવા કરનાર યજમાનોને પ્રસાદીની મૂર્તિ, પ્રસાદીનો ખેસ અને રાજીપાનો હાર પહેરાવી પ્રસન્ન થયા હતા. પ્રાસંગિક સભામાં વડીલ વિદ્વાન સંતોએ આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગની કાયમ સ્મૃતિ અર્થે છેલ્લે સમસ્ત ગામના યુવાનો એ વ્યસન મુક્તિ અભિયાનમાં જોડાઈને પોતાના જીવનમાં વ્યાપેલા વ્યસનો-કૂટેવો સંતો અને પૂ. મહારાજશ્રીના ચરણમાં સમર્પિત કરી હતી. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત ગામને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂર્ણાહુતિ બાદ સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ આયોજનમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મુબારકપુરાની સેવા પ્રેરણારૂપ હતી. મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. ગોવિંદભાઈ નારણદાસ પટેલ પરિવારના શ્રી જનકકુમાર, શ્રી નંદુકુમાર અને શ્રી કમલેશકુમાર રહ્યા હતા. પારાયણના મુખ્ય યજમાન પ.ભ. ઘનશ્યામભાઈ આદરભાઈ પટેલ રહ્યા હતા. સમગ્ર મહોત્સવનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી) અને સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ સંભાળ્યું હતું. (શા. અભયપ્રકાશદાસ)

### પ્રસાદીભૂત ઓળા ગામે ભવ્ય શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી હરિચરણદાસજી (કલોલ) તથા સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીહરિના પાવન ચરણોથી અંકિત પવિત્ર

પુણ્યશાળી ભૂમિ ઓળા ગામે તા. ૧૫-૧૨-૧૦ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો.

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રીહરિ આ ગામમાં ૨૦ વખત પધાર્યા છે. ઈતિહાસના પાને અમર થયું છે. ત્યારથી આ ઓળાગામ દિવ્ય ઓળા ધામ બન્યું છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સ્વયં પોતાના વરદ્ હસ્તે ઠાકોરજી સમક્ષ શાકનો દિવ્ય વઘાર કરીને ભવ્ય શાકોત્સવ ઉજવ્યો. ત્યારબાદ પ્રસાદીના રતનબાના ઘરે દર્શન કરવા પધાર્યા હતા. ત્યાંથી સીધા સભામાં સંત મંડળ સાથે પધાર્યા હતા. સભામાં શા.સ્વા. અભયપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) શાકોત્સવના મહિમાનું પાન હરિભક્તોને કરાવી રહ્યાં હતાં. હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટનમાં સુંદર સેવાનું યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તેમજ શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી આદિ સંતોએ પધારી પ્રસંગને શોભાવ્યો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સૌ ભક્તોએ દિવ્યતાતિ દિવ્ય શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સમગ્ર સભાનું સંચાલન પી.પી. સ્વામી નારણઘાટ મહંતશ્રીએ કર્યું હતું.

(શા. ચૈતન્યસ્વરૂપદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજીની પ્રેરણાથી અને મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજીના માર્ગદર્શનથી નાથદ્વારા મંદિરના દેવનો આઠમો વાર્ષિક પાટોત્સવ, મહાભિષેક, મહાપૂજા, અન્નકૂટ દર્શન વગેરે ધામધૂમથી સંપન્ન થયા. પાટોત્સવના યજમાન પદે અસલાલીના પ.ભ. શંકરભાઈ મણીભાઈ અને ધ.પ. આનંદીબેન પરિવારે લાભ લીધો હતો. સાથે તેમના પુત્ર શ્રી આશિષભાઈ, ધ.પ. બિનલબેન, સુપુત્રી અલ્પાબેન સુધીરકુમાર પટેલ (મહિજડા) તથા કાનનબેન ગૌરાંગકુમાર નટવરભાઈ પટેલ (દહેગામ) સેવામાં રહ્યા હતા. આ પ્રસંગે રાજુભાઈ શુકલે મહાપૂજા-અભિષેક કરાવ્યા હતા. શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન સાથે સભા સંચાલન કર્યું હતું. શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી અને શા.સ્વા. સુખનંદનદાસજીએ પ્રાસંગિક વકત્વ આપ્યું હતું.

આ પ્રસંગે મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર 'વ્રજેન્દ્રદ્વાર'નું ઉદ્‌ઘાટન સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજીના વરદ્ હસ્તે સંપન્ન થયું હતું. બન્ને પ્રવેશદ્વારના યજમાન પદે દેઉસણા વાળા પ.ભ. અ.નિ. રઈબેન શંકરદાસ તળસીદાસ પટેલ (જીનવાળા) પરિવાર રહ્યા હતા. સાથે અમૃતભાઈ, વિષ્ણુભાઈ, લાલજીભાઈ, જયરામભાઈ, જગદીશભાઈ, કૃષ્ણભાઈ, સુરેશભાઈ, નરેશભાઈ, ભરતભાઈ, શૈલેષભાઈ તથા બિપીનભાઈ રહ્યા હતા. પૂ. શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી, નરેન્દ્ર ભગત, પ્રશાંત ભગત, પ્રવિણભાઈ, હેમલભાઈ, કોઠારી જીતુભાઈ, જયદિપ ભગત તથા બળદેવ સ્વામી અને ભરતભાઈ ભાવસાર ફોટોગ્રાફર આદિ અને વિદ્યાર્થીઓની સેવા પ્રેરણારૂપ હતી.

(રવિ કાચા નાથદ્વારા)

**નાંદોલ અને સલકી ગામ**

અહીંના બન્ને શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી દીપોત્સવી પ્રસંગે ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ કરી ધરાવ્યો હતો. સત્સંગી બહેનોએ પોતાના ઘેરથી પવિત્રપણે અન્નકૂટ બનાવવાની સેવા કરી હતી. જેના યજમાન પ.ભ. મનુભાઈ મોતીભાઈ પટેલ રહ્યા હતા. નાંદોલના અમેરિકામાં વસતા પ.ભ. ભાવેશભાઈ વિષ્ણુભાઈ પટેલે સુંદર સેવા કરી હતી, સલકી ગામતો શ્રીહરિની પ્રસાદીનું અલૌકિક ગામછે. હરિભક્તોએ આવો સુંદર ઉત્સવ કરી ધન્ય બન્યા હતા.

(કોઠારી વિષ્ણુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બદ્રિનારાયણમાં પાટોત્સવ-પારાયણ અને સમૂહ મહાપૂજા**

ભગવાનને અતિ પ્રિય એવા હિમાલયની ટોચ પર આવેલા બદ્રિનાથ ધામના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા બહેનોના ધર્મગુરુ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળા શ્રીના શુભ સંકલ્પથી આપણું દિવ્ય અને અલૌકિક ધર્મશાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિભૂષણની પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ વક્તા પૂજ્ય શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે થઈ હતી. અહીંના મહંત સ્વામી શા. ગૌલોકવિહારીદાસજીએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. કથા પારાયણ સાથે નિજ મંદિરનો વાર્ષિક પાટોત્સવ મૂળ કચ્છના હાલ ઈન્દૌર વસતા હરિભક્તોના યજમાનપદે થયો હતો. શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થયો. ત્યારબાદ છપ્પન ભોગની આરતી ઉતારીને સભામાં પધારી સમસ્ત યાત્રિક હરિભક્તો અને યજમાનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સમૂહ મહાપૂજાનું પણ આયોજન થયું હતું. જેના મુખ્ય યજમાન પદે પ.ભ. રમેશભાઈ (દોરડાવાળા) કાશીબા પરિવારે લાભ લીધો હતો. અને ધર્મકુળના આશીર્વાદ મેળવ્યા હતા. દરેક યાત્રિકોને ખૂબજ સુંદર વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. ધર્મકુળની સેવામાં સદાય તત્પર પાર્ષદ ભગુજી જેવા શૂરવીર હજુરી પાર્ષદ વનરાજ ભગતે ખડે પગે ધર્મકુળની સેવા બજાવી હતી. આ પ્રસંગે સર્વે પધારેલા હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સારી સેવા કરી હતી. મહંત સ્વામી ગૌલોકવિહારીદાસજી અને મથુરા મહંત આનંદ સ્વામીએ સંત-હરિભક્તોની સરભરામાં કોઈ કમી રાખી ન હતી.

(તુલસી, રોનક ઠક્કર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ૨૧ મો પાટોત્સવ**

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર નો ૨૧ મો પાટોત્સવ માગસર સુદ-૯ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે બાલ સ્વરૂપશ્રી

ઘનશ્યામમહારાજનો અભિષેક વેદોક્ત વિધિથી સંપન્ન થયો. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા. પૂજારી અજયપ્રકાશદાસજીએ સુંદર શણગાર કર્યા પછી અન્નકૂટની આરતી ઉતારી પ.પૂ. મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. યજમાન પ.ભ. પરસોત્તમદાસ ભોળીદાસ પટેલ પરિવારે પ.પૂ. મહારાજશ્રીની આરતી પૂજા કરીને આશીર્વાદ મેળવ્યા હતા. ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીએ સૌ પ્રથમ પ.પૂ. મહારાજશ્રીને હારતોરા કરીને આશીર્વાદ મેળવ્યા હતા. પ.ભ. ડૉ. કે.કે. પટેલ સાહેબના ઉદ્‌બોધન પછી મહંત શા. હરિજીવનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટનની વાત સૌને કરી હતી. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ પોતાની લાક્ષણિક હળવી મુદ્રામાં આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ઈડર, સોકલી, ટોરડા, પ્રાંતીજ અને અમદાવાદ વગેરે ધામોથી સંતો પધાર્યા હતા. આભાર વિધિ સ.ગુ. વાસુદેવચરણ સ્વામીએ કરી હતી. છેલ્લે સૌ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

(બિપીનભાઈ પટેલ)

અત્રે પ્રબોધિની એકાદશીનું જાગરણ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી ઘનશ્યામમંડળની ૫૦ બહેનોએ સવારના ૪ વાગ્યા સુધી વચનામૃત (૨૭૩) જયંતીની ઉજવણી ગ્રંથનું પૂજન આરતી કરીને કરી હતી. ૨૦ બહેનોએ વચનામૃત પુરઃશ્વરણની શરૂઆત કરી હતી. સભા સંચાલન લાભુબેન તથા કલ્પનાબેને કર્યું હતું. (સંગીતાબેન પ્રજાપતિ)

### ડુંગરીમાં સત્સંગ સભા

સાબરકાંઠાના ઈડર દેશ ખાતે ડુંગરી ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની વાજતે ગાજતે ધામધૂમથી પધરામણી થઈ ત્યારે ગામના તમામ હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું ભવ્ય સામૈયુ કર્યું હતું.

પ્રસંગના યજમાન શ્રી મોંઘાભાઈ જીવાભાઈ પટેલને ઘેર પૂ. મહારાજશ્રીની પધરામણી થઈ હતી. અહીંના શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં પૂ.મહારાજશ્રીએ આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. વિશાળ સભામાં સૌ પ્રથમ ઈડર મહંત સ્વામી સ.ગુ. જગદીશપ્રસાદદાસજીએ પૂ.મહારાજશ્રીને હારતોરા કર્યા હતા. યજમાન પરિવારે આરતી પૂજા કરીને પૂ. મહારાજશ્રીના આશીર્વાદ લીધા હતા.

અમદાવાદ મંદિરના મહંત સ્વામી, હિંમતનગર મંદિરના મહંત સ્વામી તથા ધામોધામથી પધારેલ સંતોએ આશીર્વચન આપ્યા હતા.

સભા સંચાલન સ.ગુ. વાસુદેવચરણ સ્વામીએ કર્યું હતું. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન તથા ગ્રામજનોને સત્સંગની વૃધ્ધિ થાય તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે સૌ પ્રસાદ લઈ વિખરાયા હતા. (પૂજારી કપિલ સ્વામી)

### આકરૂંદ (તા. બાયડ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બાયડ તાલુકાના આકરૂંદ ગામના નૂતન મંદિર નિર્માણ અર્થે સુંદર સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં મંદિર નિર્માણ કાર્ય અર્થે શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી (પૂર્વ મહંતશ્રી મથુરા)એ હરિભક્તોને કથાવાર્તા રૂપી સુંદર લાભ આપીને ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. અહીંના હરિભક્તો ખૂબજ આનંદ સાથે હરિરસનું પાન કર્યું હતું. આ પ્રસંગમાં સુખનંદનદાસ, નરેન્દ્ર ભગત અને પ્રશાંત ભગત સેવામાં જોડાયા હતા. (ચંદ્રેશ ચૌધરી)

### રામપુરા ભંકોડામાં શાકોત્સવ

સર્વોપરિ શ્રીહરિ જ્યાં પધારેલા અને સંતોએ સ્નાન કરાવીને ભગવાનને બાજરાનો રોટલો ચટણી અને માખણ પથ્થર ઉપર બિરાજમાન કરી જમાડેલા તે પ્રસાદીનો પથ્થર આજે પણ દર્શન આપે છે. આ મંદિરમાં ધનુર્માસમાં ઠાકોરજી સમક્ષ પ્રાતઃ ધૂન-નવા નવા થાળ કરીને ભક્તો લાડ લડાવે છે. સુંદર શાકોત્સવ પણ ઉજવ્યો હતો. પ.પૂ.ધ.ધુ. મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સારો ચાલે છે. (અરજણભાઈ મોરી)

### સલાલ ગામે પારાયણ

